RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 177* Date: 25.04.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ થયા કોરોનાથી સંક્રમિત

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં કોરોના વાયરસ અટકવાનું નામ નથી લઈ રહ્યો. કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં દરરોજ રેકોર્ડબ્રેક કોરોના કેસ સામે આવી રહ્યાં છે. રાજ્યમાં છેલ્લા ૪ જ દિવસમાં ૫૦ હજારથી વધુ કેસ અને ૫૦૦ લોકોના મોત થયા છે. નીતિન પટેલ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

હાલમાં અમદાવાદની સરકારી હોસ્પિટલ યુ એન મહેતામાં ડેપ્યુટી સીએમને સારવાર આપવામાં આવી રહી છે. રાજ્યમાં કોરોના સંક્રમણ ભયાનક રીતે વધી રહ્યું છે. આજે કોરોનાના એક્ટિવ કેસ એક લાખને પાર થઈ ચુક્યા છે. ત્યારે હવે લડવૈયાઓ પણ ઘાયલ થઈ રહ્યા છે. કોરોનાનું સંક્રમણ રાજનેતાઓને પણ તેના ભરડામાં લઈ રહ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોના સંક્રમિત થઈ ચુક્યા હતા. તે દરમિયાન રાજ્યનો કારભાર નાયાબ મુખ્યમંત્રી નિતિન પટેલે સંભાળ્યો હતો. સીએમ રૂપાણી સાથે મળીને સતત કોરોના સામેની લડાઈને જીતવા માટે મથામણ કરતા નાયબ મુખ્યમંત્રી કોરોના સંક્રમિત થયા છે.

ગુજરાતમાં કોરોના સંક્રમણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે નોંધનીય છે કે ગુજરાતમાં શુક્રવારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા પોઝિટીવ ૧૩૮૦૪ કેસ નોંધાયા છે. જ્યારે ૫૬૧૮ દર્દીઓ સ્વસ્થ થયાં છે. કોરોનાથી રાજ્યમાં ૧૪૨ દર્દીના મોત થયા હતા. રાજ્યમાં દરરોજ કેસ વધી રહ્યા છે અને રિકવરી રેટ સતત ઘટી રહ્યો છે. શુક્રવારે રિકવરી રેટ ૭૭.૩૦ ટકા થયો હતો.

## ભારતમાં આવી પડેલા સંકટમાં માટે પાકિસ્તાનમાં દુઆઓ

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના સંકટની વચ્ચે પાકિસ્તાનમાં ભારતના સમર્થનમાં હેશટેગ ટ્રેન્ડ કરી રહ્યો હતો. ભારતમાં ઓક્સિજનની મુશ્કેલી અને કોરોનાની બગડતી સ્થિતિ પર પાકિસ્તાનમાં લોકોએ પોતાના પ્રધાનમંત્રી ઈમરાન ખાનને સંકટના સમયમાં મદદ કરવાનો આગ્રહ કર્યો. સોશિયલ મીડિયા પર ઈઈન્ડિયનલાઈવ્ઝમેટર, ઈપાકિસ્તાનસ્ટેન્ડવિધઈન્ડિયા, ઈઈન્ડિયાનીડઓક્સિજન, ઈપાકિસ્તાનવિધઈન્ડિયા ટ્રેન્ડ કરવા લાગ્યું. આ બધાની વચ્ચે પાકિસ્તાનના સમાજસેવક અબ્દુલ સત્તાર ઈદીના દીકરા ફૈસલ ઈદીએ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે ભારતમાં વધતા કોરોના વાયરસના કેસ પર ચિંતા વ્યક્ત કરી છે અને મદદની રજૂઆત કરી.

ફૈસલે પોતાના પત્રમાં લખ્યું કે અમે ઈદી ફાઉન્ડેશન ભારતના લોકો પર પડી રહેલા કોરોના સંકટની અસરને જોઇ રહ્યા છીએ. અમને એ જાણીને દુઃખ થયું છે કે મહામારીની તમારા દેશ પર એટલી મોટી અસર છે જ્યાં મોટી સંખ્યામાં લોકોક ઝઝૂમી રહ્યા છે. તેમણે સંવેદના વ્યકત કરતાં પોતાની સેવાની સાથો સાથ ૫૦ એમ્બ્યુલન્સની રજૂઆત કરી છે.

તેમણે કહ્યું કે તેમની ટીમમાં મેડિકલ ટેકનીશન્સ, ઓફિસ સ્ટાફ, ડ્રાઈવર્સ અને સપોર્ટ સ્ટાફ સામેલ છે અને આ તમામ જરૂરિયાતોને ફાઉન્ડેશન જ પૂરી કરશે, તેનો બોજ ભારત પર આવશે નહીં. તેના માટે તેમણે ભારત આવવાની મંજૂરી અને સ્થાનિક-પોલીસ પ્રશાસનનો સહયોગ માંગ્યો છે. તેમણે કહ્યું કે ગંભીર વિસ્તારોમાં મદદ માટે ટીમ મોકલવા તેઓ ઈચ્છુક છે. ફૈસલ ખુદ ટીમને લીડ કરતાં ભારત આવવા માંગે છે અને મંજૂરી મળતા જ રવાના થવાની તૈયારી છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે આ સેવાના બદલે તેઓ ભારત પર કોઈપણ પ્રકારનો કોઈ બોજ પડવા દેશે નહીં.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૧૪૦૯૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૪૮૧૭૩૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૧૫૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૬૪૭૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૩૬૭૯૭૨

### દેશમાં ત્રણ દિવસમાં જ નોંધાયા ૧૦ લાખ નવા કેસ, સૌથી વધુ એક્ટિવ કેસ બેંગલુરુમાં

## દેશમાં 3.૪૬ લાખ નવા કેસ અને ૨૬૦૦ મોત સાથે વધુ એક રેકોર્ડ



*ન્યુ દિલ્હી,તા.૨૪*

કોરોનાના કહેર વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૩ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા છે અને ૨,૬૨૪ દર્દીઓના મોત થયા છે. આ સમય દરમિયાન ૨,૧૯,૮૩૮ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે. શુક્રવારે પણ દેશમાં ૩.૩૨ લાખથી વધારે કોરોનાના નવા કેસ નોંધાયા હતા. દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન જેવી જરૂરી વસ્તુઓની ભારે તંગી સર્જાઈ છે.

દેશમાં શનિવારે જાહેર થયેલા કોરોનાના નવા આંકડાઓમાં રેકોર્ડ સમાન વધારો નોંધાયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા હતા જ્યારે ૨,૬૨૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ બધા વચ્ચે દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલના એમડી ડૉક્ટર ડીકે બલૂજાએ કરેલા દાવા પ્રમાણે ગઈકાલે સાંજે ઓક્સિજનની તંગીના કારણે આશરે ૨૦ જેટલા અતિ ગંભીર કોરોના દર્દીઓના મોત થયા હતા.

મહારાષ્ટ્રમાં શુક્રવારે ૨૪ કલાકમાં કોરોનાના ૬૬,૮૩૬ નવા કેસ સામે આવ્યા હતા જ્યારે ૭૪,૦૪૫ દર્દીઓ સાજા થયા હતા. આ દરમિયાન ૭૭૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. રાજધાની દિલ્હીમાં કોરોનાના ૨૪,૩૩૧ નવા કેસ સામે આવ્યા હતા અને ૩૪૮ દર્દીઓના મોત થયા હતા. હાલ દિલ્હીમાં એક્ટિવ કેસ વધીને ૯૨,૦૨૯ થઈ ગયા છે.

દેશમાં કોરોનાના આંકડામાં સતત વધારો જોવા મળી રહ્યો, પરંતુ વસતિની દૃષ્ટિએ ભારત અત્યારે ઘણી સારી સ્થિતિમાં છે. આ મામલે આપણે વિશ્વમાં ૧૧૯મા નંબર પર છીએ, જ્યાં સૌથી વધુ કેસ આવી રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, ભારતમાં દર ૧૦ લાખ વસતિમાં ૧૧,૯૩૬ લોકો સંક્રમિત થઈ રહ્યા છે અને ૧૩૬ લોકોનાં મોત થઈ રહ્યાં છે. આટલી જ સમાન વસતિમાં અમેરિકામાં ૯૮,૦૦૦, બહરીનમાં ૯૬,૦૦૦, ઈઝરાયેલમાં ૯૧,૦૦૦, ફ્રાન્સમાં ૮૩,૦૦૦, બેલ્જિયમમાં ૮૨,૦૦૦, સ્પેનમાં ૭૪,૦૦૦ અને બ્રાઝિલમાં ૬૬,૦૦૦ લોકો સંક્રમિત મળી રહ્યા છે. અહીં વસતિ દ્વારા મોતનો આંકડો પણ ઘણો વધારે છે, તેથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં હજી પણ સંક્રમણ નિયંત્રણમાં છે. જો તમે થોડી સાવધાની અને તકેદારી રાખશો, તો એને વધુ ઘટાડી શકાય છે.

એક્ટિવ કેસની સંખ્યા, એટલે કે દેશમાં સારવાર લેતા દર્દીઓ આજે ૨૫ લાખને પાર થઈ ગયા છે. દેશમાં હાલમાં ૨૫ લાખ ૪૩ હજાર ૯૧૪ દર્દી સારવાર લઈ રહ્યા છે. શુક્રવારે એમાં ૧ લાખ ૨૧ હજાર ૭૭૦નો વધારો થયો છે.

## દુનિયામાં:સતત ત્રીજા દિવસે રેકોર્ડ ૮.૯૬ લાખ નવા કેસ,૧૪ હજારથી વધુના મોત

વોશિંગ્ટન,તા.૨૪

વિશ્વભરમાં કોરોનાનો કહેર ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં ૮.૯૬ લાખ નવા કેસ નોંધાયા છે. આ એક જ દિવસમાં જોવા મળતા નવા કેસનો સૌથી મોટો આંક છે. આ પહેલા ૨૨ એપ્રિલના રોજ ૮.૯૨ લાખ ૨૧ એપ્રિલના રોજ ૮.૮૮ લાખ સંક્રમિતોમાં કોરોનાને પુષ્ટિ થઈ હતી. ગઈ કાલે વિશ્વમાં ૧૪,૨૧૮ લોકો મૃત્યુ પામ્યા હતા.

ભારતમાં કોરોનાનાદરદીનો આંક પ્રમાણ સતત વધી રહ્યો છે. શુક્રવારે અહીં રેકોર્ડ ૩ લાખ ૪૪ હજાર ૯૪૯ નવા દર્દીઓ મળી આવ્યા હતા. ગયા વર્ષથી અત્યાર સુધી કોઈ દેશમાં એક જ દિવસમાં મળેલા નવા દર્દીઓનો આ સૌથી મોટો આંકડો છે. શુક્રવારે, ૨,૬૨૦ લોકો મૃત્યુ પામ્યા હતા. એક જ દિવસમાં થયેલા મૃત્યુનો આ નવો રેકોર્ડ છે. અમેરિકાએ જોનસન એન્ડ જોનસનની કોરોના વેક્સિન પરનો પ્રતિબંધ હટાવ્યો છે. દેશના ટોપ હેલ્થ રેગ્યુલેટર્સનું કહેવું છે કે આ વેક્સિનનો ઉપયોગ ફરીથી કરી શકાય છે. જોનસન એન્ડ જોનસન વેક્સિન બ્લડ ક્લોટ થઈ જવાના જોખમમાં વધારો થવાના કારણે ૧૧ દિવસ માટે પ્રતિબંધિત કરવામાં આવી હતી.

સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (CDC) અને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ શુક્રવારે કહ્યું હતું કે વેક્સિનના કારણે બ્લડ ક્લોટ અને લો પ્લેટલેટનું ખૂબ ઓછું જોખમ છે. CDC અને FDAને ૮ મિલિયન ડોઝમાંથી માત્ર ૧૫ એવા કેસ જ પ્રાપ્ત થયા છે.

ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, FDAના અધિકારીઓનું કહેવું છે કે નિર્ણય તાત્કાલિક અમલમાં આવશે, એટલે કે જોનસન એન્ડ જોનસનની વેક્સિન ૨૪ એપ્રિલથી લોકોને આપવામાં આવશે. જો કે, હવે વેક્સિનની સાથે નવી ફેક્ટશીટ આપવામાં આવશે, જેમાં લોકોને બ્લડ ક્લોટના જોખમ અંગે સતર્ક કરવામાં આવશે.

ભારતે કોરોના વેક્સિનના નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવતા કાચા માલના નિકાસ પરના પ્રતિબંધોને દૂર કરવા અંગે અમેરિકાએ ફરીથી ઈનકાર કર્યો છે. યુએસ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમે ભારતની વિનંતી પૂરી કરતા પહેલા અમારા નાગરિકોને પ્રાથમિકતા આપીશું. અમેરિકન લોકો પ્રત્યે અમારી વિશેષ જવાબદારી છે.

વિશ્વમાં અત્યાર સુધીમાં ૧૪.૬૨ કરોડથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૦ લાખ ૯૯ હજાર દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧૨.૪૦ કરોડ લોકો સાજા થયા છે. હાલમાં ૧.૯૧ કરોડ લોકો સારવાર હેઠળ છે. તે પૈકી ૧ લાખ ૯ હજાર ૯૨૪ દર્દીઓની હાલત નાજુક છે અને ૧.૯૦ કરોડ લોકોમાં કોરોનાના હળવા લક્ષણો છે.

## પીઆરના બદલે વેક્સિજન અને ઓક્સિજન પર ધ્યાન આપો- રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસમાં રેકોર્ડ સમાન વધારો થઈ રહ્યો છે અને હોસ્પિટલોમાં ઓક્સિજનની તંગીના કારણે ભારે સંખ્યામાં દર્દીઓ મરી રહ્યા હોવાથી વિપક્ષ સતત કેન્દ્ર સરકારને ટાર્ગેટ કરી રહ્યું છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ પર ખર્ચો કરવાના બદલે વેક્સિન, ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન આપવા સલાહ આપી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની તંગીના કારણે અનેક દર્દીઓના મોત થયા તે ખૂબ જ દુખદ સમાચાર છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મને ગાઢ સંવેદના છે. હું રાજ્ય સરકાર અને કોંગ્રેસી કાર્યકરોને વિનંતી કરૂ છું કે તેઓ પોતાના પરિવારને તમામ સંભવિત મદદ પૂરી પાડે. જયપુર ગોલ્ડન હોસ્પિટલે કરેલા દાવા પ્રમાણે ગઈ કાલે સાંજે ઓક્સિજનની તંગીના કારણે ૨૫ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

કોંગ્રેસી નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે સવારે ટ્વીટ કરીને કેન્દ્રની મોદી સરકારને ટાર્ગેટ કરી હતી. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારને સદ્ભાવપૂર્વક વિનંતી છે કે તેઓ પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ પર ખર્ચો કરવાના બદલે વેક્સિન, ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન આપે. આગામી દિવસોમાં આ સંકટ વધારે ગાઢ બનશે. તેનો સામનો કરવા માટે દેશે તૈયાર રહેવું પડશે. વર્તમાન દુર્દશા અસહનીય છે.

## કોઇ ઓક્સિજન સપ્લાય રોકશે તો ફાંસીએ લટકાવી દઇશું: દિલ્હી હાઇકોર્ટ લાલઘૂમ




ન્યુ દિલ્હી,તા.૨૪

દિલ્હીમાં સતત પાંચમા દિવસે પણ ઓક્સિજનની અછત વરતાઈ રહી છે.બીજી તરફ ઓક્સિજન સપ્લાયને લઈને દિલ્હી હાઈકોર્ટ લાલચોળ છે.હાઈકોર્ટે કદાચ અભૂતપૂર્વ કહી શકાય તેવી ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે શનિવારે કહ્યુ હતુ કે, જો કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક તંત્રનો કોઈ અધિકારી ઓક્સિજન સપ્લાયમાં અડચણ ઉભી કરી હશે તો તેને અમે લટકાવી દઈશું.દિલ્હીની એક હોસ્પિટલે ઓક્સિજન સપ્લાય માટે કરેલી પિટિશનની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. કોર્ટે દિલ્હી સરકારને કહ્યુ હતુ કે, અમને કહો કે કોણ ઓક્સિજનના સપ્લાયમાં વિઘ્ન ઉભુ કરી રહ્યુ છે...એ વ્યક્તિને અમે લટકાવી દઈશું. અમે કોઈને છોડવાના નથી. જો આવા કોઈ સ્થાનિક અધિકારીઓ હોય તો તે અંગે કેન્દ્રને પણ જાણ કરો.જેથી કેન્દ્ર તેની સામે કાર્યવાહી કરી શકે.ઓક્સિજનના કારણે દિલ્હીમાં હાહાકાર મચી ગયેલો છે. ઓક્સિજનની અછતના કારણે શુક્રવારે સાંજે દિલ્હીની વધુ એક હોસ્પિટલના ૨૫ દર્દીઓ મોતને ભેટયા છે.

## સંકટ સમયમાં અમેરિકા,ફ્રાન્સ અને બ્રિટને લંબાવ્યો મદદનો હાથ,ચીનની પણ તૈયારી

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોનાની બીજી તરંગનો સામનો કરી રહેલા ભારતને મદદ કરવા ઘણા દેશો આગળ આવ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું છે કે મુશ્કેલીની આ ઘડીમાં ફ્રાન્સ ચોક્કસપણે ભારતની સાથે ઉભું છે, અમે ભારતને ટેકો આપવા તૈયાર છીએ. જો કે, ફ્રાન્સે સાવચેતીપૂર્વક લોકોને ભારતથી તેમના દેશમાં જતા ૧૦ દિવસની કવોરેન્ટાઇન માટે આદેશ આપ્યો છે.ભારતમાં ફ્રાન્સના રાજદૂત, ઈમેન્યુએલ લેનિનએ રાષ્ટ્રપતિના સંદેશને ટ્વિટ કરીને કહ્યું કે, હું કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહેલા ભારતના લોકોને એકતાનો સંદેશ મોકલવા માંગું છું.આ મહામારીએ કોઈને છોડ્યા નથી. અમે તમને મદદ કરવા તૈયાર છીએ. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક દિવસોમાં એક દિવસમાં ત્રણ લાખથી વધુ કોરોના સંક્રમિત થઈ રહ્યા છે.

બ્રિટને પણ સંકટ સમયે ભારતને મદદની ઓફર કરી છે. વડા પ્રધાન બોરિસ જહોનસે કહ્યું કે તેઓ ભારતને મદદ કરવાના માર્ગો શોધી રહ્યા છે જ્યાં કોરોના મહામારી ભયંકર રીતે વકરી છે.

ચીને ભારતને કોરોનાનો સામનો કરવા માટે જરૂરી સહાય અને સહાય પ્રદાન કરવાની પણ ઓફર કરી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું હતું કે કોવિડ -૧૯ રોગચાળો માનવતાની પ્રતિકૂળ છે, જેને સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય એકતા અને પરસ્પર સમર્થનની જરૂર છે. ચીન રોગચાળાને કાબૂમાં લેવા ભારતને તમામ શક્ય સહાય પૂરી પાડવા તૈયાર છે.યુ.એસ. ના અનેક ધારાસભ્યોએ ભારતમાં કોવિડ ૧૯ ના કેસોમાં અભૂતપૂર્વ વધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે અને ભારતને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે બાયડેન વહીવટને વિનંતી કરી છે. ડેમોક્રેટિક સાંસદ એડવર્ડ માર્કેએ કહ્યું કે, અમારી પાસે જરૂરીયાતમંદ લોકોને મદદ કરવા માટેનાં બધાં સંસાધનો છે અને તે આપણી નૈતિક જવાબદારી પણ છે.

ગૃહ વિદેશી બાબતો સમિતિના અધ્યક્ષ, સાંસદ ગ્રેગરી મીક્સે કહ્યું હતું કે તેઓ રોગચાળાને કારણે ભારતની પરિસ્થિતિથી ચિંતિત છે. સાંસદ હેલી સ્ટીવેન્સે કહ્યું હતું કે, “હું ભારતમાં રોગચાળાનો સામનો કરી રહેલા પરિવારો માટે પ્રાર્થના કરું છું અને વિશ્વ સમુદાયને સંકલન કરવા આગ્રહ કરું છું.” ભારતીય સંસદસભ્ય રો ખન્નાએ જાહેર આરોગ્ય નિષ્ણાત આશિષ કે ઝા દ્વારા એક ટ્વીટ શેર કરતાં કહ્યું કે, અમે ભારતને એસ્ટ્રાઝેનેકા રસીના વધારાના ૩૫ મિલિયન ડોઝ પહોંચાડી શકીએ.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વના દેશો રોગોત્પતિ ન થાય તે માટે વિચારણા કરવાથી દુર શા માટે....?!

ભારત સહિત વિશ્વભરના દેશો કોરોના મહામારીને કારણે તમામ રીતે પરેશાન થઇ ગયા છે. કોરોના નાથવા વિવિધ રીતે સંશોધનો ચાલી રહ્યા છે.વિજ્ઞાનિઓને પણ કોરોના જંતુ થાપ આપી રહ્યા છે....!કોરોના નાયક વેક્સિન શોધાઈ અને તેનો ઉપયોગ શરૂ થઈ ગયો તે સાથે કોરોનાની પ્રથમ લહેર કાબૂમાં લઇ રહ્યા હતા ત્યાં જ કોરોના ની બીજી લહેર નવા રૂપે ત્રાટકી તે સાથે નવા સ્ટ્રેને વધુ હાહાકાર મચાવી દીધો છે. વિશ્વના દેશોની સરકારો વિવિધ રોગોને નાથવા સંશોધનો કરતા રહે છે પરંતુ એક પણ દેશ આવા રોગો શા કારણે પેદા થઈ રહ્યા છે અને નવા રોગ પેદા ન થાય તે માટે શું કરવું જોઈએ કે વિશ્વભરનાં દેશોએ કઈ બાબતોનું ફરજિયાત પણે પાલન કરવું જોઇએ તે બાબતે કદી પણ કોઇ ચર્ચા કરવામાં આવી નથી કે આવતી નથી.....!! પર્યાવરણ બચાવવા, પ્રદૂષણ ફેલાતું અટકાવવા, વાતાવરણમાંથી કાર્બન ઘટાડવા, જળ પ્રદૂષણ ફેલાતું રોકવા તેમજ ગ્લોબલવોર્મિગ સહિતના પ્રશ્ને વૈશ્વિક દેશોની બેઠકો યોજાતી રહે છે. મસમોટી ચર્ચાઓ થાય છે અને બેઠકો પૂરી થયા બાદ....હતા ત્યાંના ત્યાં.....! ખાધું પીધું ને.....થયેલ ચર્ચાઓના કોઈજ પરિણામ મળતા નથી. દિન-બ-દિન ગરમી વધતી જઈ રહી છે.... બર્ફિલા વિસ્તારો ઓગળવા લાગ્યા છે,હવામા પ્રદુષણ માત્રા વધતી જઈ રહી છે, પાણી પ્રદૂષણ વધતું ચાલ્યું છે,જમીનો તેની ફળદ્રુપતા ગુમાવતી જઈ રહી છે... પરિણામે અને અન્ન ખાદ્ય વધતી ચાલી છે.તો વિવિધ પશુ-પક્ષીઓ,જીવાણુઓની વસ્તી ઘટતી ચાલી છે...તો કેટલાકનું નિકંદન કાઢી નાખ્યું છે.... છતાં આવા માનવિય વૈશ્વિક પ્રશ્નો ઉકેલવા માટે ચર્ચા શા માટે થતી નથી....? વિશ્વના દેશો આવા પ્રશ્નોના નિરાકરણ માટે બેઠકો કેમ યોજતા નથી....?તે સૌથી મોટો પેચીદો સવાલ છે.....!!

તાજેતરમાં જળ વાયુ સમિટ યોજાઈ ગઈ પરંતુ આ વખતે ઓનલાઇન સમીટ યોજાઈ જેના કારણે હજારો ટન કાર્બન હવામાં ભળતો અટકી ગયો.... નહીં તો આવી વૈશ્વિક બેઠકોમાં વિશ્વ ભરના નેતાઓ ખાસ વિમાન દ્વારા આવતા હોય છે અને એ વિમાનો હજારો ટન કાર્બન ઓકતા હોય છે જે હવામાં ભળે છે.... ત્યારે ખરેખર કોરોનાનો ઉપકાર કે વિશ્વના નેતાઓને ઓનલાઇન બેઠક યોજવા મજબૂર કર્યા....! પરંતુ વિશ્વના દેશો વિકાસની સ્પર્ધામાં દોડતા રહીને કુદરતી સંપદાનો વિનાશ કરી રહયા છે, કરોડો વૃક્ષોનું નિકંદન કાઢતા રહ્યા છે, સેંકડો કિલોમીટરોના જંગલોનો સફાયો કરી નાખ્યો છે.... તે સાથે જળ કે વાયુ પ્રદૂષણ ફેલાવતા કે ઓકતા ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા રહે છે.... પરંતુ કોઇ પણ દેશ એવું નથી વિચારતો કે કુદરતી નિયમ અનુસાર "જીવો જીવસ્યમ હણતી" જે જેનો ખોરાક... આ પૈકીના કેટલાક જીવો રોગો પેદા કરતા જીવ જંતુ કે પશુ પક્ષી ખાઈ જતા કે તેમનો ખોરાક હતો... પરંતુ મોટા ભાગના દેશો વિકાસ કામોના બહાને વૃક્ષો નિકંદન કાઢી આડકતરી રીતે નાના જીવ જંતુ,પશુ,પક્ષીઓનુ નિકંદન કાઢી નાખ્યું છે અને કાઢી રહ્યા છે....! તો મેડિકલ ક્ષેત્રે વિવિધ સંશોધન માટે જંતુઓ પશુઓ પક્ષીઓ નો ઉપયોગ વધી ગયો... આજે વિશ્વમાં અનેક પ્રકારના પશુ-પક્ષીઓનું નિકંદન નીકળી ગયું છે, ફળદ્રુપ જમીનો કેમિકલ ખાતરના ઉપયોગને કારણે રણ બનવા તરફ જઈ રહી છે,તો વહેતી નદીઓમાં કેમીકલ યુક્ત કે પ્રદુષિત પાણી છોડવામાં આવી રહ્યા છે પરિણામે પાણી પ્રદૂષણ એ માત્રામાં વધતું ચાલ્યુ છે કે કદાચ ભવિષ્યમા પાણી માટેના યુદ્ધ થઈ શકે....!! આવા માનવ હિતના પ્રશ્નો કાજે વિશ્વના દેશો વધુ વૃક્ષો વાવેતર કરવા,જળ વાયુ પ્રદૂષણ ઓકતા તેમજ મેડિકલ સંશોધન માટે જીવ- જંતુ, પશુ-પક્ષીઓનો ઉપયોગ કરવા પર પાબંધી મુકવા તૈયાર થશે ખરા.....? નહીં તો ભવિષ્યે વિશ્વના લોકો ભૂખમરા અને પાણી તથા રોગચાળાને કારણે જ ખતમ થઇ જશે....! અને એ રોગચાળો કોરોનાને પણ ભુલાવી દે તેવા હોઈ શકે.....!?!, વંદે માતરમ્,

# લોકડાઉન, અનલોક અને સમસ્ત મહાજનની અપરંપાર સેવાઓની સરવાણી



પરદુ:ખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત, સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યના પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોના આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંના અનલોકના સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધરણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનના નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે. એનું વધુ એક ઝળહળતું ઉદાહરણ કોરોના વાઈરસના સમયમાં મળ્યું. માર્ચ–૨૦૨૦ માં દેશ અને દુનિયામાં અકલ્પનીય લોકડાઉન લાગુ પડયો. કોઈએ ક્યારેય ધાર્યું નહીં હોય એ રીતે અજ્ઞાત બીમારી આપણા પર ત્રાટકી. શું કરવું અને શું ના કરવું એની ભાગ્યે જ કોઈને ગતાગમ પડે નહીં એ હદે સૌની બુધ્ધિ બહેર મારી જાય એવો એ કાળ. એવા સમયમાં, અને લોકડાઉનની ઘોષણા થવાના ગણતરીના કલાકોમાં સમસ્ત મહાજને અનેકવિધ મોરચે સેવા કાર્યો આદરી દીધા. લક્ષ્ય સ્પષ્ટ હતું. માનવમાત્રથી લઈને અબોલ જીવો સુધી દરેકને એ કસોટીકાળમાં મદદરૂપ થવુ, તેમનાં આંસ લૂછવાં અને તેમને શાતા પહોંચાડવી. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ તેમના ગુરુદેવશ્રીની પરમ કૃપા થકી તથા જિનશાસનના અનેક સાધુ-સાધ્વી ભગવંતોનીના આશીર્વાદ અને માર્ગદર્શનથી સુકૃતો કરતા રહે છે. લોકડાઉનના સમયમાં ગિરીશભાઈએ ખંતપૂર્વક તરેહ તરેહની સેવા યોજનાઓ ઘડી. સમસ્ત મહાજનનો સંપૂર્ણ ટ્રસ્ટીગણ તથા હજારો કાર્યકર્તાઓએ પણ ગિરીશભાઈને આ માટે ઉત્સાહભેર સાથ આપ્યો. બસ, પછી શું હતું ? એક તરફ આખી દુનિયા ચાર દિવાલો વચ્ચે પુરાઈ ગઈ હતી તો બીજી તરફ સમસ્ત મહાજનના સંકલ્પબધ્ધ સાથીઓ મેદાનમાં ઉતરી પડયા સેવા કાજે. મુંબઈ, મહારાષ્ટ્રના અનેક વિસ્તાર, ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક અને મધ્યપ્રદેશ જેવા વિસ્તારોને સમસ્ત મહાજનના સેવાકાર્યોમાં આવરી લેવામાં આવ્યા. ગિરીશભાઈને સમાજોપયોગી કાર્યોમાં જે સંતોષ મળે છે એ અનેરો છે. ''આપણને મળેલો માનવ ત્યારે જ સાર્થક થયો કહેવાય જયારે આપણા થકી અન્યનાં જીવન પણ સુખી થાય. મારા ગુરુદેવે મને શીખવ્યું છે કે આપણે બીજા માટે જીવીએ એનો અર્થ પોતાના જીવનનું પણ કલ્યાણ કરીએ. લોકડાઉન શરૂ થયા સાથે અમે એટલું ઠરાવ્યું કે સરકારના તમામ નિયમોનું પાલન કરીને આપણાથી બનતી સેવાઓ સમાજના ખૂણેખૂણા સુધી પહોચાડવી.'' લોકડાઉનમાં સેવાઓ આદરવી અને આગળ વધારવી એ વાત કોઈ રીતે સહેલી નહોતી. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે જો કોરોના કોઈકને સ્પર્શી ગયો તો પોતાનાં જીવ પર, પોતાના આખા પરીવાર પર પણ જીવનું જોખમ આવે, એક ઠેકાણેથી બીજા ઠેકાણે પહોંચવું એ તો જાણે એવરેસ્ટ સર કરવા જેવું કામ થઈ પડયું, છતાં સમસ્ત મહાજન જેનું નામ ગિરીશભાઈના વડપણ હેઠળ સંસ્થાના કાર્યકર્તાઓ તથા ટ્રસ્ટીઓએ ડગલે ને પગલે જાતે જોખમ વહોરી લીધું પણ બીજાની પીડાઓ ઓછી કરવામાં બાંધછોડ કરી નહીં. ગયા માર્ચ મહિનાથી હમણાં સુધી સંસ્થાએ કરેલા કાર્યોની યાદી ખૂબ લાંબીલચક છે.

જરૂરીયાતમંદોને અનાજ-કરીયાણું આપવું, દહીસર ચેકનાકા, ફાઉન્ટન હોટેલ જેવા વિવિધ સ્થળોએ માંડવા ઉભા કરીને વટેમાર્ગુઓને ભોજન, છાશ, શરબત, કાવો તથા માસ્ક અને દવાઓ પણ પૂરાં પાડવા, વિશિષ્ટ ભોજનરથ દોડાવીને ઠેરઠેર લોકોની ક્ષુધા સંતોષવી, રોટી બેંક જેવા અભિનવ ઉદ્યમ થકી રોજ હજારોની સંખ્યામાં રોટલીઓ એકઠી કરીને એને શાક, સુખડી વગેરે સાથે ભૂખ્યા લોકો સુધી પહોંચાડવી, પોલીસ સહિત આવશ્યક સેવાઓ પૂરા પાડતાં સમર્પિત લોકોને પણ માસ્ક, છાશ, શરબત, ફળ, જયસ, નાળીયેર પાણી વગેરે પહોંચાડવા, નેપાળથી આવીને અહીં અટવાઈ ગયેલા નેપાળી બંધુઓની મદદ કરવી, ગૌશાળાઓ તથા પાંજરાપોળોને ઘાસચારાથી માંડીને આર્થિક મદદ પણ પહોંચાડવી, ગણ્યા ગણાય નહી એટલા કામ સતત થયાં. મહારાષ્ટ્રમાં મુંબઈ, થાણે, નવી મુંબઈ, વિરાર, જાલના, ગુજરાતમાં વાપીથી લઈને રાજકોટ, જામનગર, બનાસકાંઠા સુધી અનેક સ્થળો, કર્ણાટકમાં બેંગલોર, રાજસ્થાનમાં ઉદયપુર સ્થિત કેસરિયાજી જૈન તીર્થ, જોધપુર નજીક ઔસિયાં, નાગોર જિલ્લો, મધ્યપ્રદેશમાં માળવા તથા અન્ય વિસ્તારોમાં સંસ્થાએ અનેકવિધ સેવાકાર્યો સંપન્ન કર્યા. એક તરફ સંસ્થા પોતાના નેજા હેઠળ કાર્ય કરી રહી હતી તો બીજી તરફ એ તમામ સંસ્થાઓ સાથે પણ સેવારત થઈ જેમને મદદ, માર્ગદર્શનની જરૂર હોય એમને મદદ કરવામાં જે કોઈ યોગદાન અપેક્ષિત હોય તે સમસ્ત મહાજન તરફથી પહોંચી જતું. જે સંસ્થાઓ સાથે સમસ્ત મહાજને આ રીતે કામ કર્યુ તેમાંની થોડી એટલે વાપી સ્થિત ટિંકુ મેમોરીયલ ટ્રસ્ટ, વિરાર સ્થિત કરૂણા ટ્રસ્ટ, સંવેદના ફાઉન્ડેશન, કરૂણા ફાઉન્ડેશન, સિધ્ધાચલ સ્થૂલભદ્ર ધામ, મોડપર જૈન તીર્થ, રેસ્કય એન્ડ રિહેબિલેશન ઓફ સ્ટ્રે એનિમલ્સ ફાઉન્ડેશન, મુંબઇ સ્થિત કબૂતરખાના, શિવ કલ્યાણ કેન્દ્ર, કેસરીયાજી સૈન તીર્થ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ. લોકડાઉનમાં સૌથી વધુ તકલીફ કદાચ એ મજૂર વર્ગે ભોગવી જેમણે એક રાજયથી બીજા રાજય સુધી પગપાળા કે જાતજાતની તકલીફો વેઠીને પોતાના વતન પહોંચવા પ્રયાસ કર્યો. આવા લાખો લોકો માટે સમસ્ત મહાજનનાં કાર્યો વરદાનરૂપ બન્યાં. આવા લોકોને હાઈવેથી માંડીને ટ્રેનમાં પણ મદદ પહોંચાડવામાં આવી. વતન પહોંચીને રોજગાર વિહોણા થયેલ લોકોની ચિંતા પણ સંસ્થાએ કરી. આવા અનેક લોકોને રોજગાર મળી રહે તે માટે સંસ્થાએ વરસાદી જળના સંગ્રહ માટે તળાવના નિર્માણનું કાર્ય આરંભી દીધું. એનાથી મજૂરોને રોજીંદી આવક મળી તો ગામને પાણીની સમસ્યાના કાયમી નિકાલ માટે ઉપયોગી એવું તળાવ મળ્યું. સામાન્યપણે જયાં સૌ માનવીઓની ચિંતા કરવામાં વ્યસ્ત હતા ત્યાં સમસ્ત મહાજને જીવદયાનાં મોરચે પણ દર્શનીય કામગીરી કરી. અનેક ગૌશાળાઓ તથા પાંજરાપોળો લોકડાઉનમાં બેહદ આર્થિક અને સંચાલકીય તકલીફોમાંથી પસાર થઈ રહી હતી. સંસ્થાએ એમને નાણાકીય સગવડ તો કરી જ આપી, સાથે ઘાસચારાનો પ્રબંધ કરી આપ્યો અને બીજી મદદો પણ કરી.

ગિરીશભાઈ ઉમેરે છે. '' આપણે કદાચ આપણા આયુષ્યમાં ફરી કયારેય નહીં જોઈએ એવી કટોકટીમાંથી આપણે હાલમાં જ પસાર થયા. એવા સમયમાં સૌને મદદરૂપ થવા મળ્યું એને હું ગુરુભગવંતોના આશીર્વાદ ગણું છું. સાતે, દાતાઓનો સબળ સાથે પણ અમારા આ સંકલ્પમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. માત્ર હું નહીં, સમસ્ત મહાજન સાથે સંકળાયેલી એક એક સેવાભાવી વ્યક્તિ આ સેવાકાર્યોના અનુભવો થકી જીવનનું વધુ સન્માન કરતા શીખી છે. કોઈકને મદદ કરવી એનો માર માટે એક જ અર્થ થાય છે કે જાતે પરમાત્મા સાથે સીધુ કનેકશન સાધવું.× હવે તો અનલોકનો સમય છે. અત્યારે પણ સમસ્ત મહાજન લોકડાઉનમાં આરંભેલાં અને હાલમાં પણ ઉપયુકત એવાં અનેક સેવાકાર્યો આગળ વધારી રહી છે. આપણે એવી ભાવના સેવીએ કે સમસ્ત મહાજન દિન-પ્રતિદિન વધુ બળવતર થાય. એની સેવા થકી લાખો-કરોડો જીવન શાતા પામતા રહે.

### માનવે અબોલ પ્રકૃતિ નું કરેલું નુકશાન નું પરિણામ...

# લાગે છે પ્રકૃતિ જ બદલો લેવા કોઇ પરીક્ષા લઇ રહી છે...નહિંતર સ્પર્શ થી કાંઇ,શ્વાસ થોડા થંભે..?

પીપળો, લીમડો ને વડ કાપી નાખ્યા લોકોએ એટલે હવે ઓક્સિજન ઘટવા લાગ્યો..ને ઓક્સિજન ની બોટલ પર આધાર રાખવો પડે છે.નકલી અભણ સત્તાધીશો ી તઘલઘી દલા તરવાડી ની જેમ નિર્ણયો લઈને વિકાસ બતાવવા અસંખ્ય વૃક્ષો નું નિકંદન કાઢી નાખ્યું અને ફોર લેન, સિક્સ લેન હાઈવે બનાવ્યા..જ્યા પણ અકસ્માતો માં લોકો મરે છે. પ્રકૃતિ અને હવા સાથે સરકાર પ્રદૂષણ અટકાવવા ની બેદરકારી થી આજે માનવી મરી રહ્યો છે .તમામ કુદરતી આફત અને આંતરિક રાજકીય કટોકટી નો સામનો સત્તાધીશો કરી રહ્યા છે .અને કોઈના કોઈ બહાને આવશ્યક ચીજ વસ્તુઓ ના ભાવ વધારા,રોજગારી,બેકારી,કંટ્રોલ બહાર ની મહાનગરો ની પરિસ્થિતિ બધું જ અણઆવડત વાળા શાશન ને આભારી છે..ભણેલા ગણેલા અધિકારીઓ ની શક્તિઓ નો ઉપયોગ સરકાર સમયસર કરી નથી શક્તિ..કોરોના એક વર્ષ પૂર્વે થી દેશ અને દુનિયાના સર્વે તેમજ રાજ્યો પાસે તમામ શક્તિઓ અને ક્ષમતા હોવા છતાં સમય સર નિર્ણય ના અભાવે આજે લાશો રોડ ઉપર .સ્મશાન માં અને હોસ્પિટલ બહાર ઓકાઈજન્ન ના અભાવે રઝળી રહી છે.કહેવાતા હિન્દુ રામ રાજ્ય લાવાના બહાને પ્રજા ને ખોટા વચનો આપી અહિતિહાસિક જુઠ્ઠું બોલીને તેમની ધાર્મિક લાગણીઓ સાથે ખિલવાડ કરીને આવેલા આ નકલી ભગવા રાજકારણીઓ ગુજરાત માં છેલ્લા ૨૫ વરસ ના શાશન માં ના બતાવવાનું બતાવી ચૂક્યા છે.

પ્રજા ચારેય બાજુ થી ત્રસ્ત થઈ ગાઈ છે અને આ ભગવા તેમના રાજકીય ખેલો કેન્દ્ર અને ભાજપ માં તેમની સરકાર હોવાથી પ્રાં ઘાતક ખેલો ખેલી રહ્યા છે.ગુજરાત નુંશિક્ષણ,આરોગ્ય,ઉદ્યોગો,બેરોજગારી..આખેઆખું સરકારી તંત્ર ખાળે ગયું છે.અધિકારીઓ પણ આ નેતાઓ ના દબાવ નીચે કામ કરી પ્રજાને ન્યાય આપી શકતા નથી.ફાઈનલ અને મેટ્રિક પાસ મંત્રીઓ થી સરકાર ના આરોગ્ય અને મહેસૂલ જેવા વિભાગો ચકી રહ્યા છે.સરકારી નોકરી માં લાયકાત માંગે અને આ રાજકારણ માં લાયકાત વિનાના તેમની ઉપર વહીવટ કરે..એક માત્ર હવે કુદરત આવા માનવ ભક્ષી રાક્ષસો થી પ્રજાને ન્યાય આપવા સક્ષમ છે..

હિંદુઓ પાગલ નહોતાં કે ચૈત્ર ને ભાદરવામાં પિતૃ ના મોક્ષ હેતુ પાણી ચડાવતા ને પીપળાને પ્રદક્ષિણા કરતા ને પીપળાને વિષ્ણુ અને વડ ને ઋષિ માની કાપતાં નહિ..

શુદ્ધ ગાય ના ઘી નો એક ચમચીનો દીવો કરવાથી એક ટન ઓક્સિજન ઉત્પન્ન થાય છે એમ આજનું વિજ્ઞાન માને તો આપણે ત્યાં શુદ્ધ ગાયના ઘી થી યજ્ઞ થતાં એટલે કેટલું ઓક્સિજન મળે બોલો...! એ જાણતા હતા કે આ ચૈત્ર ને ભાદરવો ઋતુ બીમારી નું કારણ બને છે.

પણ આધુનિકતા ના નામે પીપળો, વડ, ગાય વગેરે ની સંભાળ ના લીધી ને હવે ભોગવીએ છીએ.

જય સનાતન ધર્મ ની.

જેમજેમ ધર્મ ના નામે સત્તાધીશો ના રાજ માં ગાયો રિબાઈ રિબાઈને ભૂખ મરા થી મરી છે..વિદેશો માં બિગ એક્સપોર્ટકરવા કસાઈઓ ના હાથે મારી છે એમ આજે માનવ ઑક્સિજન થી અને સારવાર વિના તડફી ને મરી રહ્યો છે જે વાસ્તવિકતા છે..

તંત્રી ; પ્રદિપ રાવલ

# કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા "આપણે કોરોનાથી જીતીશું" વિષય પર આંતરરાષ્ટ્રીય વેબીનાર યોજાયો

કરુણા ફાઉન્ડેશન દ્વારા ''આપણે કોરોનાથી જીતીશું'' વિષય પર આંતરરાષ્ટ્રીય વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનાર માં મુખ્ય વક્તા તરીકે સ્વિત્ઝરલેન્ડના ઈન્ટરનેશનલ ટ્રાન્સફોરમેટીકલ કોચ અને મોટીવેશનલ સ્પીકર શ્રીમતી નિશા બુટાણી ઉપસ્થિત રહી કુદરતના પ્રહાર સામે એ જ કુદરતનું સ્મરણ કરીને કુદરતને કઈ રીતે હંફાવી શકાય તે અંગેની વાત અને વિચારો પોતાના અનુભવસિદ્ધ, સંવેદનશીલ, લાગણીશીલ વક્તવ્યમાં કરી હતી. ખાસ કરીને કોરોના કાળમાં શારીરિકની સાથે સાથે લોકોનું માનસિક સ્વાસ્થ્ય જળવાય રહે તે પણ એટલું જ અગત્યનું છે ત્યારે સમાજમાં અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલા દુઃખ,ક્રોધ,નિરાશા,ડીપ્રેશન સહિતની લાગણીઓ પર કંટ્રોલ કરવા સહિતની ટેકનીક્સ પણ શ્રીમતી નિશાબહેને પોતાની સરળ શૈલીમાં સમજાવી હતી કે કઈ રીતે આપણે કોરોનાથી જીતીશું. તેમણે પોતાના વક્તવ્યમાં સમજાવ્યું હતું કે આપણે બધા જાણીએ છીએ કે આ કપરા સમયે બધા માનવીઓ થોડા-ઘણા અંશે અસરગ્રસ્ત થયા જ છે. આ મહામારીમાં આપણી શારીરિક, માનસિક અને ભાવાત્મક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. શારીરિક સ્વાસ્થ્ય માટે સાત્વિક ખોરાક, યોગ, કસરત મદદરૂપ થશે. માનસિક સ્વાસ્થ્ય માટે નકારાત્મક વિચારોથી દૂર રહેવું અત્યંત આવશ્યક છે. આપણે આપણા વડીલો પાસેથી હંમેશા સાંભળતા કે ''શુભ - શુભ બોલો'' આનું કારણ એ હતું કે એમને ખબર હતી કે આપણે જે બોલશુ એ થાશે. '' લો ઓફ એટ્રેકશન '' થિયરી પ્રમાણે આપણે જે વિચારીયે, જે બોલીએ એજ શક્તિઓ બ્રહ્માંડ આપણને પરત મોકલે. જીવનમાં જે જોઈતુ હોય એજ શબ્દો બ્રહ્માંડમાં મોકલો, કારણ કે તમારા શબ્દોને સાચા પાડવા આખું બ્રહ્માંડ કામે લાગશે. આવા નકારાત્મક વાતાવરણમાં ક્યારેય હતાશા, નિરાશા અનુભવો તો નીચેના પાંચ રસ્તા એમાંથી બહાર નીકળવામાં મદદ કરશે.

૧) તમારી સાથે અત્યાર સુધીમાં જે સારૂ થયું હોય એની એક યાદી બનાવો અને તમને ગમતા ધીમાં સંગીત સાથે એ યાદી વાંચો.

૨) તમારા પ્રિય સંગીત સાથે તમારું ગમતું કામ કરો.

૩) કસરત, નૃત્ય, ગીત ગાવા, સારા પિક્ચર જોવા, સારા નાટકો જોવાથી પણ લાભ થશે.

૪) સારા મિત્રો સાથે ફોનમાં વાત કરો, જૂની વાતો યાદ કરી ફરીથી હસો.

૫) પ્રાર્થનામાં અદભુત શક્તિ છે. ધ્યાન ધરવાથી પણ તમે નકારાત્મક વિચારોથી બહાર આવી શકશો.

ભાવાત્મક સ્વાસ્થ્ય જાળવવાં કુટુંબ સાથે હળવી પળોની મજા લો. એકબીજાને સાંભળો, એકબીજાની લાગણીની કદર કરો. વધુમાં તેમણે એક વાતનું ખાસ ધ્યાન રાખવાનું કહ્યું હતું કે, સૌથી વધુ તમને કોઈ મદદ કરી શકે તો તે તમે પોતે છો. આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખતા-રાખતા બીજાઓને બનતી મદદ કરવી એ અત્યારે માનવીનો મોટો ધર્મ છે. તેમના આ બધા પોઈન્ટ સાથે અનેક વાતો ને આવરી લેતો વિગતવાર વેબિનાર https://youtu.be/Byc-csg1cvQ òuE શકો છો.

કોરોના ને કારણે જો કોઈ માનસિક તણાવ અનુભવતા હોય, અને સારી વાતો કે વાર્તાઓ થકી જો કોઈને મદદ થતી હોય તો નિશાબેન બુટાણીને ૯૧ ૯૦૦૪૦૮૫૫૦૦ પર વોટ્સએપ મેસેજ લખી શકો છો, એ માર્ગદર્શન મેળવવા ઈચ્છતા વ્યક્તિને સામેથી ફોન કરશે. એમણે એ પણ જણાવ્યું હતું કે જયારે આસપાસ આટલું બધું બનતું હોય ત્યારે નિરાશા- હતાશા અનુભવવી એ સ્વાભાવિક છે.

જો હું કોઈ અજાણ્યાના જીવનમાં અને ચહેરા પર બે ક્ષણ માટે અજવાળું પાથરી શકું તો મને કુદરતે આપેલી શબ્દોની ભેંટ સાર્થક લાગશે. સમગ્ર વેબીનારનું આયોજન મિત્તલ ખેતાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબીનારને સફળ બનાવા માટે મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

### રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે

# સારવાર હેઠળના દરદીઓનું હળવી કસરત સાથે કાઉન્સેલીંગ બીજે દિવસે પણ ચાલુ રખાયું



રાજપીપલા,તા.૨૪

રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળના દરદીઓનું ઓક્સીજન લેવલ જળવાઇ રહે અને ઓક્સિજનની જરૂર ઓછી પડે તે માટે દરદીઓને પ્રોનીંગ કરવામાં આવે છે. જેમાં પેટનાં બળથી દરદીઓને ઉંધા સુવડાવવામાં આવે છે. તદઉપરાંત,આ દરદીઓ માનસિક રીતે નબળા ન પડે અને તેમનું માનસિક મનોબળ ટકવાની સાથે તે વધુ મજબૂત બને તે માટે હળવી કસરત સાથે તેમનું કાઉન્સેલીંગ કરવામાં આવી રહ્યું છે.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# તિલકવાડા તાલુકાના સાવલિયા ગામે સગીર વયની કન્યાને ભગાડી જવાની ફરિયાદ.

રાજપીપળા, તા ૨૪

તિલકવાડા તાલુકાના સાવલિયા ગામે સગીર વયની કન્યાને ભગાડી જવાની ફરિયાદ થઈ છે. જેમાં કન્યાના પિતા ફરિયાદીએ આરોપીને નરેશભાઈ રમેશભાઈ ભીલ (રહે,સાવલી) પર ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ ફરિયાદીની ૧૫ વર્ષની છોકરીને આરોપી નરેશભાઈ સુરેશભાઈ ભીલ (રહે, સાવલી )કાયદેસરના વાલીપણા માંથી સગીર કન્યાને પટાવી,ફોસલાવી, લલચાવી ભગાડી લઈ જતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા


# કોરોનાની બીજી લહેર વચ્ચે મિથિલિન બ્લુ સંજીવની બન્યું

## ઓકસીઝન લેવલ જાળવી રાખવા, ફેફસા બ્લોક થતા અટકાવવા, અશકિતની સમસ્યા નિવારવા સહિતના ઉપાય તરીકે મિથિલિન બ્લુ કારગર

કોરોનાના સેકન્ડ સ્ટ્રેનની મહામારીએ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે. મોટા શહેરો જ નહી પણ નાના ગામડામાં પણ આ વેવ ભયંકર તરીકે ફેલાઈ ગયો છે. સરકારી કે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખાલી બેડ મળતા નથી. ત્યારે કોરોના પોઝીટીવ પેસન્ટ ટ્રીટમેન્ટ અને ઓકિસજન માટે વલખા મારી રહ્યા છે. તેવા અંધાધુંધ વાતાવરણમાં મિથિલિન બ્લૂ જાણે કેનવી આશા જગાવતી સંજીવની સ્વરૂપે કામ આવીરહ્યું છે.

હાલમાં રેમડેસીવીર ઈન્જેકશન સહિતની દવાઓની તંગી વચ્ચે મિથિલિન બ્લૂ લોકોની જાન બચાવીરહ્યું છે. મિથિલિન બ્લૂ કઈ રીતે કામ કરે છે.?



૧. મિથિલિન બ્લુ હિમોગ્લોબીનમાં ફેફસાનું પ્રમાણ વધારે છે. જેથીઓકિસજન લેવલ જાળવી રાખે છે. કોવિડ પોઝીટીવ દર્દીને ઓકિસજન લેવીલ ઘટવા દેતુ નથી.

૨. મિથિલિન બ્લુ ફાઈબ્રોસિસ બ્લોકર છે. ફેફસામાં ફાઈબ્રોસીસ થતા ફેફસું પેક થઈ જાય છે. જેથી શ્વાસોશ્વાસમં મુશ્કેલી ઉભી થાય છે. આ ફાઈબ્રોસીસ બનતુ અટકાવી જે તે સ્થિતિમાં સ્થગિત કરી ફેફસામાં વધુ ડેમેજ ને અટકાવે છે.૩. મિથિલિન બ્લુ મસલ રિલેકટન્ટ તરીકે કાર્ય કરે છે. જેથી અશકિત અને થાકની ફરિયાદમાં રાહત આપે છે.

સંકલનઃ ડો. નિમિષ મુંગરા
મો.૯૯૨૫૫ ૪૮૮૯૫

### મિથિલન બ્લૂ કઈ રીતે લેવાય?

કોરોનાના નવા સ્ટ્રેનમાં મિથિલન બ્લુનો ડોઝ કોવિડ પ્રોઝિટિવ દર્દી માટે ૩ વખત સવાર બપોર સાંજ ૧૨ થી ૧૧ ટીંપા અથવા અડધી ચમચી જીભની નીચે ૧૦ મીનીટ માટે મૂકી રાખીને પછીઅડધાગ્લાસ પાણી વાટે તેને પેંટમાં ઉતારી જવાની હોય છે.

મિથિલિનનો નાસ માટે ૪૦૦-૬૦૦ એમએલ પાણીમાં એકથી દોઢ ચમચી મિથિલિન બ્લૂ નાખી તેનો ૨ થીૐ વખત દિવસ દરમ્યાન નાસ લેવો જોઈએ.

કોરોના પોઝિટિવ નથી તેવા નોર્મલ વ્યકિતએ એ પ્રિવેન્ટીવ તરીકે એક વખત અડધી ચમચી ૧૦ મીનીટ અને જીભની નીચે મૂકી પેટમાં ઉતારવાની હોય છે. તેમજ એક વખત નાસ લેવાનો હોય છે.


### આડ અસર છે?

મિથિલિન બ્લૂની કોઈ ખાસ આડ અસર નથી. સામાન્ય અસરમાં જીભ બ્લૂ થવી અને પેશાબમાં લીલાશ ઝાંય પડતી જોવા મળે છે.

### શું સાવચેતી રાખવી?

સામાન્ય રીતે નાના બાળકો અને સગર્ભાસ્ત્રીઓને આ ધ્યાન ન લેવાની સલાહ આપવામાં આવે છે. ૧૦ વર્ષથી મોટી ઉંમરના દરેક વ્યકિત આ દવા લઈ શકે છે મિથિલિન બ્લુ લેતા સમયનાં અડધા કલાક પહેલા કે પછી ખોરાક કેઅન્ય દવા લેવી જોઈએ.

હાલમાં ગુજરાતમાં ઘણા ડોકટર્સ પોતે મિથિલિન બ્લૂ લઈ રહ્યા છે. તેમજ તેમના પેસન્ટને સારવારમાં દવા તરીકે આપીને અસરકારક પરિણામો મેળવી રહ્યા છે. આમ કોરોનાના સેકન્ડ સ્ટ્રેનમાંખરેખર સંજીવની તરીકે કાર્ય કરી રહ્યું છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No/0044

વિષય:- યાદગાર રમૂજી પ્રસંગ

વિભાગ:- ગદ્ય

શીર્ષક:- કોબીનું શાક.

નામ વાંચીને એવું લાગે કે આમાં શું રમૂજ હશે? પરંતુ વાંચશો તો જાણશો કે સીધી સાદી પાંદડે મઢેલી કોબી પણ રમૂજ કરાવી શકે. મારી પુત્રવધૂ કિંજલ, એનાં લગ્નનાં પાંચ વર્ષ પછીનો પ્રસંગ.

એક દિવસ એણે રાત્રી ભોજનમાં કોબીનું શાક બનાવ્યું.મારે લગ્ન ગીત ગાવા જવાનું હતું અને ભોજન ત્યાં જ લેવાનું હતું.

રાત્રે ઘરે આવી પાણી પીવા ફ્રીજ ખોલ્યું તો વાટકો ભરીને કોબીનું શાક, બીજી એક વાટકીમાં દહી મિશ્રિત કોબીનું શાક. જોતાં જ અહો આશ્ર્ચર્યમ્! ભોજન પત્યાં પછી આટલું બધું શાક ત્યારે જ વધે કે ભોજનમાં એનો ત્યાગ કર્યો હોય.

કિજલ વહુને પૂછતાં,વહુ ઉવાચઃ " નીલે શાક ની ખાધું એટલે." મને નવાઈ લાગી એટલે પૂછ્યું," કેમ ની ખાધું?" વહુ કહે," ગળ્યું લાગ્યું એટલે." મેં કહ્યું," આપડે શ્રી કે' દાડે કોબીમાં ખાણ(ખાંડ) લાખીએ?" તો કહે ," મીઠું વધુ પડી ગયેલું એટલે ખાણ નાંખી તો ગળ્યું લાગ્યું."મેં પૂછયું," ખાણ નાંખી તે નીલે કંઈ કહ્યું નહીં?"

હવે જુઓ કિંજલ વહુની કમાલ! મને કહે," મેં નીલને એમ કહ્યું કોબી જ ગળ્યી આવેલી."બીજે દિવસે નીલ પૂછે," મમ્મી, કોબી ગળ્યી આવે! મેં તો પહેલી જ વખત સાંભળ્યું!"

મેં નીલને કહ્યું," રાત ગઈ,બાત ગઈ.આજે એ શાકમાં લોટ,મસાલા , મિક્ષ કરી સ્વાદિષ્ટ મુઠિયાં બનાવ્યાં તે ખા."

આમ કોબીનાં ગળ્યાં શાકને ઠેકાણે પાડ્યું!

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS NO.0031

વિષય:- યાદગાર રમૂજી પ્રસંગ

વિભાગ :-ગદ્ય

શીર્ષક:- બોલતી બંધ

આમ તો આપણાં જીવનમાં ક્યારેક ને ક્યારેક કોઈક ને કોઈક રમૂજી પ્રસંગ બનતા જ હોય છે.તેમાં ક્યારેક એવો કોઈ ખાસ પ્રસંગ બને છે જે હંમેશા માટે યાદ રહી જાય છે.આવો જ એક પ્રસંગ મારી જોડે બનેલો જે આજે પણ યાદ કરું તો મારા મોં પર હાસ્ય આવી જાય.

અમે કાયમ કંપનીથી સાંજે સાત વાગ્યે છૂટીએ.પરંતુ મહિનામાં એક વખત જેને પાંચ વાગ્યે જવું હોય તો જવા દે.એ દિવસે મેં અને મારી બહેનપણીએ નક્કી કરેલ કે આજે પાંચ વાગ્યે કંપનીએથી નીકળી જઈ ખરીદી કરવા જવું છે કારણ કે બીજા દિવસે સાપ્તાહિક રજા આવતી હતી.જો આગલા દિવસે બધું બહારનું કામ પતાવી નાખીએ તો રજામાં આરામ થાય.

એ દિવસ અમે સાંજે કંપનીમાંથી નીકળવાની તૈયારી કરતાં હતાં.ત્યાં જ બોસ એક પાર્ટીને લઈને આવ્યાં અને અમે કાંડા ઘડિયાળની ફેક્ટરીમાં ક્વોલિટી કંટ્રોલમાં વિભાગમાં હોવાથી બોસે એ ભાઈને કાંડા ઘડિયાળમાં કેવી ક્વોલિટી જોઈએ છે એની ચર્ચા અમારે એમની સાથે કરી લેવી એમ કહી બોસ તો જતાં રહ્યાં.આવેલ ભાઈ દિલ્હીનાં હતાં એટલે હું અને મારી બહેનપણી એમને જ્યારે સેમ્પલ બતાવીએ ત્યારે હિન્દીમાં એમની જોડે વાત કરીએ.એ ભાઈ સેમ્પલ જોતાં હોય ત્યારે અમે અંદરો અંદર ગુજરાતીમાં વાત કરીએ.એમનાં લીધે અમારે કંપનીમાંથી વહેલું નહોતું નીકળાયું એટલે બહુ ગુસ્સો હતો.ગુજરાતીમાં અમે એમની ઘણી મજાક ઉડાવી ન બોલાય તેવાં શબ્દો અમે બંને બહેનપણીઓ બોલી.અમને એમ કે એ તો દિલ્હીનાં છે આપણે ગુજરાતીમાં બોલીએ છીએ એ ક્યાં તેમને સમજાવાનું.

આમ ને આમ સાત વાગી ગયાં.અમે કંપનીમાંથી નીકળવાની તૈયારી કરવા લાગ્યાં.નીકળતાં પહેલાં આપણી ગુજરાતની સંસ્કૃતિ પ્રમાણે પેલાં ભાઈને આવજો કહેવા ગયાં.એમણે પણ અમને આવજો કહ્યું અને પછી એ ધીરેથી બોલ્યા ," મને ગુજરાતી આવડે છે". આ સાંભળી મારી અને મારી બહેનપણીની બોલતી જ બંધ થઈ ગઈ.

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય 'મેઘુ'
રાજકોટ

---

NOG SS No : -0042

વિભાગ-ગદ્ય

શીર્ષક-ચશ્મા

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મારી સગાઈ થઈ ત્યારની.સગાઈ થઈ પછી થોડાં મહિના પછી હું મારા ભાઈ-બહેન અને સંજય તેમજ નણંદ અને દિયર સાથે સોમનાથ ફરવા ગઈ હતી.સોમનાથની બાજુમાં નાના ગામડામાં મારા મામા રહે.ગડુમાં નાના મામા ને ખેરામાં મોટા મામા રહે. અમે ગડુ રોકાયાં હતાં.

સોમનાથ દર્શન કર્યા ને બીજે દિવસે મોટામામાને ત્યાં ગયા. ખેરા એટલે સાવ નાનકડું ગામ ત્યાં લાઈટ, પાણી કે સંડાસ- બાથરૂમની પણ સુવિધા નહીં એટલે રાત રોકાવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો પણ, હું તો દર વેકેશનમાં મોટા મામાના ઘરે પણ રોકાઉં મને ક્યારે અસુવિધા નથી લાગી,કારણ કે મામાનું ઘર તો દરેકને વ્હાલું લાગે એમ મને પણ લાગતું. એટલે ત્યાં જતા મારે ઘણી બહેનપણીઓ પણ થઈ ગઈ હતી. હવે સગાઈ કરી અને પહેલી વખત સંજયને ત્યાં લઈ જઉં એટલે સ્વભાવિક છે, બધી બહેનપણીઓ જોવાં આવે. સંજય ડામચિયે ચડીને આરામ ફરમાવતાં હતાં ને મારી બહેનપણીઓનું ટોળું આવ્યું. તેને જોતાં સંજયે જય શ્રી કૃષ્ણ કર્યા અને ચશ્મા પહેર્યા. જેવાં ચશ્મા પહેર્યા એ સાથે બધી બહેનપણીઓ કહેવા લાગી "મુઈ મુઈ આ તો સસમાં વારો સે". તો કોઈ મોટેથી બોલ્યું" અલકા કેવી રૂપારી ને આ તો ઝો કેવો કારો સે". મારી હાલત તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. બધી બહેનપણીઓને ફટાફટ ત્યાંથી ભગાડી અને સંજય સામું જોઈ હું મલકી પડી અને મારા મામી મામા સહિત ઘરના બધાં સભ્યો ખૂબ હસી પડ્યાં. આજે પણ જ્યારે હું સંજયને મારાં મામાના ઘરની વાત કહું કે યાદ કરાવું ત્યારે આ પ્રસંગ યાદ આવતાં તે પણ ખૂબ હસી પડે.

એ જમાનામાં આંખોમાં નંબર હોય તો સગાઈ-લગ્ન વખતે માઇનસ પોઇન્ટ ગણાતો,ખાસ કરીને ગામડામાં.

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

---

NOG SS No : 0081

પ્રકાર : ગદ્ય

વિષય : જીવનની રમૂજી ઘટના

શીર્ષક: નામકરણ

લગભગ ૩૨ વર્ષ પહેલાંની આ વાત છે પણ આજેય
એનો ઉલ્લેખ હાસ્ય ફેલાવી દે છે. મારી નાની દીકરી
હેલી ત્રણ વર્ષની. મારાં સસરા સાથે રોજ હિંચકે બેસવાનો એનો ક્રમ.આ સમયે બન્ને ચિત્ર વિચિત્ર વાતો અને વિવિધ ગીતો ગાતાં.નોકરી હોવાથી દર વખતે
હું કે મારાં પતિ હાજર ન હોઈએ.

મોટી દીકરી શૈલી,ઉંમર સાતને કામ સોંપ્યું હતું કે હેલીને શાળામાં મૂકવાની હોવાથી એનું નામ,માતા પિતાનું નામ,ફૂલ,ફળ, પશુ પંખીનાં નામ બોલાવે.

ઈન્ટરવ્યુ માટે તેને આમ તો બધું આવડતું હોવાની ખાત્રી કરી લીધી હતી.માતા પિતાનાં ઈન્ટરવ્યુ બાદ હેલીને એકલી અંદર બોલાવવામાં આવી. બહેનબા પહેલેથી જ બિન્દાસ એટલે ગયાં.

થોડીવારમાં હાથમાં ચોકલેટ લઈ પાછી આવી અને
મને અંદર બોલાવવામાં આવી. સાશ્ચર્ય હું ગઈ તો
પ્રિન્સિપાલે પૂછ્યું," આપને? અને આપનાં પતિને હેલી
શું કહી બોલાવે છે ?" સહજ? અચકાતાં મેં કહ્યું ,"મમ્મી
ડેડી !"તેઓએ હસતાં હસતાં પૂછ્યું ,"બીજું કોણ કોણ
છે ઘરે ?" મેં મારાં સાસુ -સસરા હોવાનું જણાવ્યું. મિશનરી સ્કૂલ હોવાથી તેમને માટે "બાપા" શબ્દ નવો
હતો, એથી અર્થ પૂછ્યો.મારી હાલત વધુ ને વધુ તંગ થતી જોઈ તેઓ હસી પડ્યાં અને બોલ્યાં," તમારાં બધાંનું નવું નામકરણ (ષ્ઠરૈંજીહૈહપ્ત) થયું છે,નામ રજીસ્ટર કરાવી લેજો." તેઓ બોલ્યાં," બાપાનું ?નામ હોર્સ એટલે ઘોડો,બાનું નામ ટોર્ટોઈઝ એટલે કાચબો, ડેડીનું નામ હિપ્પો ?એટલે ગેંડો, મમ્મીનું ?નામ જિરાફ !
બહેનનું ?નામ રેબીટ એટલે સસલું, પોતાનું નામ વાંદરું!"પ્રિન્સિપાલ બોલ્યાં ,"એને? ચોક્કસ તમારાં નામ આવડતાં જ હશે એ મને એની નીર્ભીકતા જોઈ લાગ્યું.વળી સૌનાં નામ પાછળનાં કારણો પણ બાપાએ શીખવ્યા હોવાનું એણે નિર્દોષપણે? જણાવ્યું તેથી મારાં માટે એક હાજરજવાબી વિદ્યાર્થીને પ્રવેશ આપવાનું સરળ બન્યું." હું તો થેક્ર યુ કહી? બહાર આવી.મારો ચહેરો જોઈ મારાં પતિને લાગ્યું કે ડબ્બા ગૂલ !

ઘરે આવી ઈન્ટરવ્યુનું પુનરાવર્તન થયું અને બધાં હસી હસીને બેવડ વળી ગયાં.આજે પણ એનાં પ્રાણીપ્રેમી પુત્રને આ વાત કહી અમે સૌ આનંદીએ છીએ!

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

NOG SS. No. 0029

વિભાગઃ ગદ્ય

વિષયઃ જીવનની રમૂજી ઘટના

શીર્ષકઃ સ્ટાન્ડર્ડ ફોર્થ-એ

"સ્ટાન્ડર્ડ ફોર્થ-એ"

જીવનમાં રમૂજ ક્યારે મળી જાય એ ખબર નથી હોતી.
ધરતીકંપ થયો એ ૨૦૦૧નું વર્ષ. સાવ અણધારી આફત આવી પડેલી. માનવજાત બિલકુલ તૈયાર જ નહોતી. ધીરે ધીરે કળ વળતાં સહુ પરિસ્થિતિને પહોંચી વળવાનાં પ્રયાસમાં હતાં.
શિક્ષણક્ષેત્રે માસ પ્રમોશનનો નિર્ણય લેવાયો હતો.
મારો દીકરો ચોથા ધોરણમાં હતો અને એનું પ્રોગ્રેસ કાર્ડ લેવા જવાનું મેં એનાં ડેડીને કહ્યું.
ઓફિસ જતાં રસ્તામાં જી.એલ.એસ. આવે તો મારે ધક્કો નહીં એમ ધારીને મેં કહ્યું.
યજ્ઞેષ સ્કૂલની ઓફિસમાં પહોંચી ગયા અને લાઈનમાં ઊભાં રહ્યાં.
અર્ધો કલાક બાદ મને ફોન આવ્યો, "ઓફિસમાંથી કહે છે કે સૌમિલનું પ્રોગ્રેસ કાર્ડ જ નથી."
મેં કહ્યું, "જરા ફરી ચેક કરાવો."

ફરી દસ મિનિટ પછી મને ફોન કરીને યજ્ઞેષ કહે,
"સૌમિલ આ જ સ્કૂલમાં છે ને? ટીચરે આખાં ડિવિઝનનાં પ્રોગ્રેસ કાર્ડ જોયાં પણ સૌમિલનું નથી મળતું."
મને હવે ટેન્શન થયું. મેં કહ્યું,
"મને ટીચર સાથે વાત કરાવો."
મેં વાત શરુ કરી.
"મેહ્રમ સૌમિલ વછરાજાની,સ્ટાન્ડર્ડ ફોર્થ
ડિવિઝન એ નું પ્રોગ્રેસ કાર્ડ હોવું જ જોઈએ."
મેં ફોન મૂકીને પંદર મિનિટ પછી યજ્ઞેષનો ફોન આવ્યો.
"મને તો ખબર જ નહીં કે સૌમિલ ફોર્થમાં છે. હું ફિફ્થ-એ ની લાઈનમાં ઊભો હતો."
"સૌમિલ ચાર ધોરણ ભણ્યો ત્યાં સુધી પેરેન્ટ્સ ટીચર મિટિંગમાં હું જ ગઈ એટલે તમને ક્યાંથી ખબર?"
હું ટીચરને હંમેશાં કહેતી,
"તમે પેરન્ટ્સ ટીચર મિટિંગ નામ ન આપો.
મધર્સ ટીચર મિટિંગ જ રાખો એટલે એકાદ બે પપ્પાઓને આવવાની જફા જ ન કરવી."

લીના વછરાજાની.



પુસ્તક દિવસ છે. કપરા સમયના સાથી પુસ્તકો ! આનંદના સમયના સાથી પુસ્તકો આપણે રેલીઓ માં જવાનું બંધ કરી લાઇબ્રેરીમાં જવાનું શરૂ કરીશું ત્યારે સમજ શાહી પાકી થશે.




## સરકારને મદદરૂપ થવું એ સંગઠન નો મૂળ ધ્યેય છે - શ્રી સી આર પાટીલ

ગાંધીનગર ૨૪ એપ્રિલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર પાટીલ સાહેબની અધ્યક્ષતામાં આજરોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં માનનીય સંસદ સભ્યશ્રીઓ. માનનીય ધારાસભ્યશ્રીઓ, પ્રદેશના હોદેદારશ્રીઓ અને જિલ્લા ભાજપાના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ ની શરૂઆત પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ સ્વાગત પ્રવચનથી કરી હતી. વિડિયો કોન્ફરન્સ દ્વારા યોજવામાં આવેલ આ મિટિંગમાં પ્રદેશ અધ્યક્ષશ્રી એ વર્તમાન કોરોના મહામારીની પરિસ્થિતિની સામે લડત આપવા માટે વિવિધ યોજનાકીય માહિતી આપી હતી.

શ્રી સીઆર પાટીલે જણાવ્યું હતું કે કોરોના મહામારીના પહેલા તબક્કામાં જેવી આ રીતે ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકરોએ પોતાના જીવનો કે પરિજનોની ચિંતા કર્યા વગર સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની સફળતા મેળવી હતી તેવી જ રીતે આ મહામારી ના બીજા તબક્કામાં પણ દરેક કાર્યકર પોતાની અથાગ શક્તિ કામે લગાવી તેમજ ગત વખતના અનુભવને આધારે કોરોના સામેની જંગમાં વિજય હાંસલ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રી પાટીલે દરેક કાર્યકર્તાઓને સૂચન કરતાં જણાવ્યું હતું કે જે કાર્યકર્તાના મકાનમાં ભાડૂઆત રહેતા હોય તેઓએ ભાડુઆતને આવા કપરા સમયમાં પોતાનું મકાન ખાલી કરાવવું નહિં પરંતુ ભાડુઆત મુશ્કેલીમાં હોય તો તેમને બનતી મદદ કરવી. શ્રી પાટીલે સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અને કાર્યકર્તાઓને આવી કપરી પરિસ્થિતીમાં રેમડેસીવિર ઇન્જેકશન ઓક્સિજન અને આઇસોલેસન સેન્ટરની અછતમાં પણ મફત ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવી તે બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. કોરોના મહામારીની આવી વિકટ પરિસ્થિતિમાં ભાજપાના દરેક કાર્યકર્તાઓએ પોતાના મનની ભાવનાઓને જાગૃત કરી સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બની સરકારને મદદરૂપ બનવા નિર્ધાર કર્યો છે, ત્યારે સરકારને મદદરૂપ થવું એ સંગઠન નું મૂળ કાર્ય છે.

શ્રી સીઆર પાટીલે વધુમાં જણાવ્યું હતું કે દરેક વ્યક્તિની ભાવનાઓને સંતોષ આપી શકાય નહી પરંતુ તેનું સંકલન કરી સંતોષ આપવાનો પ્રયત્ન જરૂર કરી શકાય, આ માટે રાજય સરકારના મંત્રીશ્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં હાજર રહી સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત થવા માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી હતી

ગુજરાત ભાજપના ધારાસભ્ય શ્રી ઓ સંસદ સભ્યશ્રીઓ અને જિલ્લા મહાનગરના પ્રમુખશ્રીઓ ના સહકાર થી અને સ્થાનિક સંસ્થાઓના સહકારથી જે ૧૨૦૪૭ બેડ ના આઈસોલેશન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા એ પણ ખરેખર પ્રસંશનીય બાબત છે

શ્રી પાટીલે પ્રદેશ ઉપપ્રમુખ ડોક્ટર ભરત બોઘરા ની પ્રવૃત્તિ ને પણ બિરદાવી હતી

શ્રી પાટીલે ઓક્સિજનની અછત વિશે માહિતી આપતા જણાવ્યું હતુ કે પહેલા પ્રતિદિન ૪૦ મેટ્રિક ટન ઓક્સિજનની ડિમાન્ડ હતી જે પહેલી એપ્રિલના રોજ ૪૦૦ મેટ્રિક ટનની થવા જઈ રહી હતી અને હવે આ ડિમાન્ડ વધીને ૧૦૦૦ મેટ્રિક ટન સુધી પહોંચી છે ત્યારે પહેલા રાજયમાં ૭૫૦ મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન કરવામાં આવતું હતું જે હવે નવા ક્વોટા મુજબ ૯૦૦ મેટ્રિક ટન છે. જયારે રેમડેસીવીર ઇન્જેકશનની માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઈંજેક્શન ફાળવવાની સત્તા માત્ર કેન્દ્ર સરકાર હસ્તક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓક્સિજનની આયાત પણ શરૂ કરી દીધી છે તેમજ રેમડીસિવર ઇન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે જેના કારણે આ મહિનાના અંત સુધીમાં ઓક્સિજન અને ઇન્જેક્શન બંનેની સમસ્યાનો અંત આવી જશે તેવું લાગી રહ્યું છે.

શ્રી પાટીલે અંતમાં ભાજપાના જિલ્લા પ્રમુખો તેમજ પ્રદેશના હોદ્દેદારોને વેક્સિનેશન ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, દરેક પેજ પ્રમુખો ને મારું પેજ કોરોના મુક્ત પેજ, વેક્સિનેશન યુક્ત પેજ ના મંત્ર સાથે જનસંપર્ક કરી શક્ય તેટલું વધારે હાલમાં ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે તેમજ તારીખ ૧લી મેથી ૧૮ વર્ષથી ઉપરની તમામ વ્યક્તિઓને વેક્સિનેશન કરાવવા અનુરોધ કર્યો હતો. વિડિયો કોન્ફરન્સ માધ્યમથી થયેલ આ મીટીંગના સમાપન અન્વયે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીશ્રી પરસોતમભાઇ રૂપાલાએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત છણાવટ કરી આભાર વિધિ કરી હતી.

## નાંદોદ તથા ગરૂડેશ્વર તાલુકાના ખેડૂતો માટે જમણા કાંઠાનું નહેરનું કામ ખૂબ જ ખરાબ થતું હોવાનો સાંસદ મનસુખ વસાવાનો આક્ષેપ



રાજપીપલા, તા૨૪

નાંદોદ તથા ગરૂડેશ્વર તાલુકાના ખેડૂતો માટે જમણા કાંઠાનું નહેરનું કામખૂબ જ ખરાબ અને ગુણવત્તાવાળુંથતુ હોવાનો આરોપ લગાવતા સાંસદ મનસુખ વસાવાએ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને પત્ર લખ્યો છે. જેમાં જણાવ્યું છે કે નર્મદા જિલ્લાના કરજણ ડેમમાં નાંદોદ તથા ઝઘડીયા,વાલીયા તાલુકાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે.જેમાં ડાબા કાંઠાની નહેરોનું નવીનીકરણ થોડા સમય પહેલાં પૂર્ણ થયું છે.

પરંતુ નાંદોદ તથા ગરૂડેશ્વર તાલુકાના ખેડૂતો માટે જમણા કાંઠાનું નહેરનું કામ હમણાં થોડા દિવસો પહેલા જ ચાલુ કરવામાં આવેલ છે. મેં ચાર દિવસ પહેલા સ્થળ મુલાકાત લીધી હતી.ખૂબ જ ખરાબ કામ થતુ હતું જે બાબતે મેં જવાબદાર અધિકારીઓને ધ્યાન દોરેલું છતાં પણ કામ જે સુધારો કરવો જોઈએ તે કર્યા વિના કામ ચાલુ છે.તેથી આ ખેડૂતોના હિતમાં કામ છે ખૂબ જ ખરાબ કામ થઇ રહ્યું છે. તે ગુણવત્તાવાળું થાય તે માટે ઘટતું કરવા પત્ર લખતા ચકચાર મચી જવા પામી છે.

રિપોર્ટ : જયોતી જગતાપ,રાજપીપળ

## સરકારની ભૂલને કારણે કોરોનાએ હાહાકાર મચાવ્યો : ગ્લોબલ ટાઇમ્સે પીએમ મોદીને ગણાવ્યા જવાબદાર

નવી દિલ્હી

વડાપ્રધાન મોદી પોતાની ઈમેજને લઈને ખુબ જ સતર્ક રહે છે, પરંતુ કોરોના વાયરસની બીજી લહેરે તેમની છબિને અર્શથી ફર્શ સુધી લાવી દીધી છે. ફોરેન પ્રેસે તેમને એવા નાયકની સંજ્ઞા આપી છે જે પોતાની ખોટી નીતિઓના કારણે ખલનાયકમાં પરિવર્તિત થઈ ચૂક્યા છે. દુનિયાના લીડિંગ સમાચારોનું કહેવું છે કે, મોદીએ લોકોને વિશ્વાસ અપાવ્યો હતો કે કોરોનાને તેઓ હરાવી ચૂક્યા છે, પરંતુ તેઓ ખોટા હતા. ફોરેન પ્રેસ અનુસાર કોરોનાની પ્રથમ લહેરમાં સૌથી મોટુ નેશનલ વાઈડ લોકડાઉન લગાવીને મોદીએ વાયરસને રોકવાની કોશિશ કરી હતી. જોકે, બીજી લહેરે તેમને ક્યાંય ના છોડ્યા નહીં. સ્થિતિ એવી છે કે, હોસ્પિટલોમાં ઓક્સિજન નથી તો દર્દીઓની લાશો મૃર્દાઘરોમાં જ્યાં-ત્યાં પડી છે. ધ ગાર્ડિયને પોતાની મેન સ્ટોરીમાં જે ફોટો લગાવ્યો છે તેમાં તેને સ્મશાનમાં સળગી રહેલી ચિંતા અને તેમાંથી ઉઠતી જ્વાળાઓને દર્શાવી છે. તેનું હેડિંગ છે-"The system has collapsed: India's descent into Covid hell

The Times, Londonને પણ મોદી પર જોરદાર હુમલો કર્યોછે. સમાચાર પત્રની હેડલાઈન છે- બીજી સુનામીમાં ફસાયા મોદી. સમાચારે ભારત સરકાર પર આક્ષેપ કરતાં લખ્યું- પ્રતિદિવસ ત્રણ લાખથી વધારે કોરોનાના કેસ સામે આવી રહ્યાં છે. સરકારે સ્થિતિની ગંભીરતાને નજર અંદાજ કરી. જેના કારણે મોટી સમસ્યા ઉભી થઈ. આ ખરેખર ખુબ જ ગંભીર સ્થિતિ છે.

ગ્લોબલ પ્રેશના નિશાને પર આનાથી પહેલા બ્રાઝીલ હતો, પરંતુ હવે પત્રકારોની કલમ મોદી સરકારની ખરાબ નીતિઓને ઉઘાડી પાડી રહી છે. સમાચારોનું કહેવું છે કે, સરકારની બેદરકારીના કારણે આ સંકેટ જન્મ્યુ છે. હિન્દૂ નારાજ ના થાય તે માટે કુંભ જેવા મેળાનું આયોજન કરવામાં આવ્યું તો બંગાળ ચૂંટણીમાં મોદી વિશાળકાય રેલીઓ કરતા રહ્યાં. જેનાથી સ્થિતિ આઉટ ઓફ કંટ્રોલ થઈ ગઈ. સમાચાર પત્રોએ પોતાના પેજ પર કુંભ મેળા સાથે જોડાયેલા ફોટા પણ પ્રકાશિત કર્યા છે, જેમાં લોકો માસ્ક વગર ફરી રહ્યાં છે.

The Times લખે છે- બીજી લહેરની સ્પીડે સરકારને બોગા હોવાનું સાબિત કરી દીધું છે. ૨૦૨૦ની ભૂલોથી કોઈ શિખામણ લીધી નહીં અને નવી ભૂલોનો પહાડ ઉભો કરી દીધો. આજે ભારતના લોકો ખુબ જ ગંભીર સંકટનો સામનો કરી રહ્યાં છે. દેશ ઉંધા માથે પટકાયું છે. સમાચારોએ બંગાળની રેલીને લઈને મોદી પર નિશાન સાંધ્યો. રેલીઓમાં માસ્ક વગરના લોકો હતા, પરંતુ પીએમ મોદી કહી રહ્યાં હતા- મેં મારા જીવનમાં આટલી ભીડ જોઈ નથી, જ્યાં સુધી મારી નજર જાય છે, ત્યાં સુધી લોકો છે.

The Financial Times ક્યારેય તીખા તેવર અપનાવતો નથી, પરંતુ તેને પણ મોદી સરકારની ટીકા કરવામાં કોઈ કસર છોડી નહતી. ્રી ઉઠ્ઠજરૈહર્જ્ઞહને પોતાની સ્ટોરીમાં યૂપીના કબ્રસ્તાનો અને હવાઈ ચિત્રો બતાવ્યા હતા. સમાચાર પત્ર લખે ચે કે, આ લહેર નહીં પરંતુ એક દિવાર છે. ૨૪-૭ લાશોનું અંતિમ સંસ્કાર થઈ રહ્યું છે પરંતુ તે છતાં પણ સ્મશાનોમાં જગ્યા બચી નથી. સ્ટોરીમાં સરકાર પર આક્ષેપ કરતાં લખ્યું છે કે, સરકારે વેક્સિનેશન ખુબ જ ધીમે કર્યું અને પ્રતિબંધ બધી જ રીતે હટાવી લીધી. આનાથી સ્થિતિ વધારે બગડી ગઈ.

The Wall Street Journal લખે છે કે, ભારતનો ખતરનાક વાયરસ બોર્ડર પાર કરીને તબાહી મચાવી શકે છે. આનો રિપોર્ટ કહે છે કે, સરકારની નિષ્ફળતાના કારણે સ્થિતિ બગડી છે. દિલ્હીએ પોતાની પીઠ થાબડીને વાયરસને માત આપવાની વાત કહી. તે એકદમ ખોટું વલણ હતું. The New York Timesએ પણ મોદીને ખલનાયક ગણાવ્યા. નાસિકની ઘટનાનો ઉલ્લેખ કરતાં સમાચાર પત્રએ લખ્યું- મીડિયાએ પ્રથમ વખત લહેરમાં મોદીના મહિમામંડન કર્યા. હવે વૈશ્વિક સ્તર પર બની ચૂકેલી ધારણાને ખોટી સાબિત કરવા માટે પીઆર એજન્સીઓએ ખુબ જ મહેનત કરવી પડશે.

## નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ ના સંક્રમણને અટકાવવા અને તકેદારીના પગલાં તરીકે નિયંત્રણો લાધ્યા




રાજપીપલા, તા.૨૪

નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ ના સંક્રમણને અટકાવવા અને લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાં તરીકે કેટલાંક નિયંત્રણો લાધ્યા છે.નર્મદાના ઇન્ચાર્જ જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૪ની રૂએ એક જાહેરનામાં દ્વારા કેટલાંક નિયંત્રણો લાદયાં છે.નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે. આ જાહેરનામાની અમલવારી તા.૧૫ /૦૪/ ૨૦૨૧ના કલાકથી તા.૩૦/૦૪/ ૨૦૨૧ ના ૨૪. ૦૦ કલાક સુધી કરવાની રહેશે. તે મુજબ સમગ્ર જિલ્લામાં તા.૧૪/૦૪/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ (પચાસ) થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહી. મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધિ/ ઉત્તરક્રિયામાં ૫૦ (પચાસ) થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહીં, જાહેરમાં રાજકીય/ સામાજિક/ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. એપ્રિલ તથા મે માસ દરમિયાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહી.તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહી.તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે. સરકારી, અર્ધસરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦ ટકા સુધી રાખવાની રહેશે અથવા અલ્ટરનટે ડે એ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહી.તેવી જ રીતે,જિલ્લાના તમામ ધાર્મિકસ્થાનો તા ૩૦/૦૪/ ૨૦૨૧ સુધી જાહેર જનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે.આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ -૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા




## ૧૦૦ થી વધુ મુસ્લિમ સમાજના માણસો નમાજ પઢવા ભેગા થતા જાહેરનામા ભંગની ફરિયાદ.

રાજપીપળા,તા. ૨૪

હાલ નર્મદામાં કોરોનાના કેસો વધતા જતા હોય કોરોના સંક્રમણ અટકાવવા ભીડ ન કરવા સરકારની ગાઇડ લાઇન હોવા છતાં રાજપીપળા વિસાવગા જુમ્મા મસ્જિદમાં મોલવી સહિત ૧૦૦ થી વધુ મુસ્લિમ સમાજના માણસો નમાજ પઢવા ભેગા થતા તેમની સામે રાજપીપળા પોલીસે જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ કરી તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાજપીપળા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદની વિગત મુજબ રાજપીપળા વિસાવગાની અહેલે સુન્નત જમાઅત જુમ્મા મસ્જિદમાં નમાજ પઢવા માટે ૧૦૦ થી વધુ માણસો ભેગા થઈ જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં ફરિયાદી આઈ.આર. દેસાઈ રાજપીપળા આરોપી નમાજ પઢાવનાર મૌલવી તથા બીજા આશરે ૧૦૦થી વધુ મુસ્લિમ સમાજના લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

## દેડિયાપાડા તાલુકાના નિવાલ્દા ગામે ૧૦૮ના ઈએમટી દ્વારા સાત મહિનાની પ્રસુતાની સફળતા પૂર્વક એમ્બ્યુલન્સમાં નોર્મલ ડિલિવરી કરાવાઇ

રાજપીપળા, તા.૨૪

કોવિડની મહામારી વચ્ચે માતા બાળકને ૧૦૮ એમ્બ્યુલન્સ કે હોસ્પિટલ માં કોઈ પણ જાતનુ ઈન્ફેકશન ના થાય તેવી તકેદારી રાખી ૧૦૮ એમ્બ્યુલન્સ માં અધૂરા માસે (સાત મહિને)મહિલા ની સફળ ડિલિવરી ૧૦૮ના ઈએમટી દ્વારા કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના નિવાલ્દા ગામના મનીષાબેન આકાશભાઈ વસાવા ને તા.૧૮/૦૪/૨૦૨૧ સવારે ૯:૪૦ કલાકે પ્રસુતિની પીડા ઉપડતા તેમણે ૧૦૮ ને કોલ કરયો હતો,કોલ મળતાની સાથેજ દેડીયાપાડાની ૧૦૮ એમ્બ્યુલન્સ જેમાં ઈએમટી વર્ષાબેન અને પાયલોટ સતિષભાઈ વસાવા એમ્બ્યુલન્સ લય નિવાલ્દા દર્દી મનીષાબેનના ઘરે ગણતરીની મિનિટોમાં પોહચી ગયા, સમય બગાડ્યા વગર દર્દી ને એમ્બ્યુલન્સ માં લીધા બાદ ઈએમટી વર્ષા બેને દર્દીને તપાસી વિટલ્સ લીધા જેમાં તેમને માલુમ પડ્યું કે દર્દીને અધૂરા મહિનાની પ્રસુતિ પીડા હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દર્દી મનીષાબેન ને લય હોસ્પિટલ જવા રવાના થયાં ત્યાં થોડેક આગળ જતા દર્દી ને અસહ્ય પ્રસાવ પીડા થવા લાગી આ જોતા ઈ એમ ટી વર્ષાબેને પાયલોટ સતીશભાઈ ને એમ્બ્યુલન્સ રોડ ની બાજુ માં ઉભી રખાવી અને ફરીથી ચેક કરતા જેમાં જોયું કે પ્રસુતિનો સમય આવી ગયો છે.અને ઈએમટીએ ડિલિવરી કીટ તૈયાર કરી એમ્બ્યુલન્સ ના ડિલિવરી માટે તૈયારી કરી લીધી, થોડાજ સમય માં મેલ બેબીનો જન્મ થયો પણ બાળક ના ગાળા માં નાળ વિંટળાયેલી હતી તેને દૂર કરી તેમજ બાળક ખરાબ પાણી પી ગયું હતું તેને સક્સન કરી કાઢવામાં આવ્યું અને બાળક ને સારવાર આપવામાં આવી. બાળક નુ વજન ૧.૬કેજી હતું,૧૦૮ ના ઈએમટી દ્વારા એમ્બ્યુલન્સ માં સમયસર સુજબુજ થી સારવાર અપાતા બાળક અને માતા હાલ માં સ્વસ્થ હોવાનું હોસ્પિટલ તરફ થી જણાવેલ છે. રિપોર્ટ :જ્યોતિ જગતાપ ,રાજપીપળા

### નર્મદાનું આરોગ્ય તંત્ર કોરોના થી મોતના આંકડા કેમ છુપાવે છે ?

## રાજપીપલા સ્માશન ગૃહમાં એપ્રિલ માસમા ૨૩ દિવસમા ૮૦ મૃતકોના અગ્ની સંસ્કાર થયા!



રાજપીપલા, તા૨૪

નર્મદા જિલ્લા મા આજદિન સુધીમાંસત્તવાર આંકડા પ્રમાણે ૨૮૯૭પોઝીટીવ કેસ નોંધાયા છે. અને સત્તાવાર મૃત્યુ ના આંકડા સરકારી ચોપડે માત્ર ત્રણ જ બતાવ્યા છે. જયારે રાજપીપલા સ્મશાન ગૃહમાં માત્ર એપ્રિલ માસ મા ૨૪ દિવસ મા ૮૦ના અગ્નિસંસ્કાર થયા ના સત્તાવાર આંકડા છે. જેમાં કોવિદ હોસ્પિટલ માંથી મૃતકોને એમ્બ્યુલન્સ મા હરિજનો દ્બારા અગ્નિ સંસ્કાર માટે લાવવામાં આવે છે અને હરિજનો પીપીઈ કીટ પહેરીને અગ્નિ સંસ્કાર કરે છે. અને રાજપીપલા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજના સેવાભાવી યુવાનો નિશ્વાર્થ ભાવે અગ્નિસંસ્કાર કરવાની કામગીરી કરી રહ્યા છે જેમને તંત્રએ જ કામગીરી આપી છે. વૈષ્ણવ સમાજના યુવાનોના જણાવ્યા અનુસાર કોરોના પહેલા કહેર મા ૩૧ જેટલી ડેડબોડીના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. હવે બીજા વેવમા મૃતકોની સંખ્યા ખુબ વધી છે. રાજપીપલા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજના યુવાનો દ્વારાઅપાયેલા સત્તાવાર આંકડા પ્રમાણે રાજપીપળા સ્મશાનગૃહમાં ૨,એપ્રિલ૨૧થી ૨૪એપ્રિલ સુધીમાં એટલે કે એક મહિનાના ટૂંકા ગાળામાં ૨૩દિવસ મા ૮૦ જેટલા મૃતકો ના અંતિમ વિધિ કરવામાં આવી છે. ,જેમાં ગઈકાલે ૨૩મીએ એક જ દિવસ મા ૧૨અને ૨૨મી એ ૭ મોત આજે ૨૪મી એ ૨ના અગ્નિસંસ્કાર થયા છે. આ આંકડો આપણને હચમચાવી મૂકે તેવો છે. આશ્ચર્યની વાત તો એ છે રાજપીપળા કોવિડ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં સરકારી ચોપડે માત્ર ત્રણના જ મોત થયાના સત્તાવાર આંકડા બતાવે છે. ત્યારે કોણ સાચું ? રાજપીપળા સ્મશાનગૃહમાં માત્ર બાવીસ દિવસમાં ૮૦ જણાના અગ્નિસંસ્કાર થયા તે કે કોવિદ ના ત્રણ ના મોત ના આંકડા સાચા ? કહેવાની જરૂર નથી કે નર્મદાનું આરોગ્ય તંત્ર સાચા આંકડા છુપાવે છે. અને ખોટા આંકડા બતાવે છે.સ્મશાન ગૃહમા તો તો માત્ર હિન્દુ મૃતકોની જ વાત થઈ. મુસ્લિમ સમાજ ના મૃતકો તેમજ અન્ય સમાજ ના તો આંકડા જ નથી મળ્યા. મુસ્લિમ સમાજ ના મૃતકોને તો દફનાવવામાં આવે છે. એ આંકડા તો હજી પ્રાપ્ત થયા નથી. જયારે આ આંકડા માત્ર રાજપીપલા સ્મશાન ગૃહ ના છે જયારે નર્મદા મા નર્મદા કિનારે તેમજઅન્ય જગ્યાએ પણ અગ્નિસંસ્કાર કે દફન વિધિ થતી હશે એના આંકડા તો ઉપલબ્ધ નથી. ત્યારે આ કુલ આંકડો કેટલો મોટો હશે એની કલ્પના જ ધ્રુજાવી જાય છે ! ત્યારે આરોગ્ય તંત્રસાચા આંકડા જાહેર કરે એ પણ એટલાજ જરૂરી છે. નહી તર પ્રજાનો વિશ્વાસ આરોગ્ય તંત્ર પરથી ઉઠી જશે. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવામાં એલોપેથીની સાથો-સાથ કામ કરતું આયુર્વેદિક વિભાગ

### સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં ૫૨૧૪ કોરોના વોરીયર્સ, ૮૦૦૦ થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓએ આયુર્વેદિક સારવારનો લાભ મેળવ્યો



ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદિક ઉપચાર પધ્ધતિ માટે દિશાનિર્દેશો તૈયાર કરવામાં આવ્યા છે.તે પ્રમાણે વિવિધ આર્યુવેદિક દવાઓ તૈયાર કરવામાં આવી છે. જેના સેવનથી લોકોની રોગપ્રતિકાર શક્તિમાં વધારો થવાથી ઘણા સકારાત્મક પરિણામો મળ્યા છે

અમદાવાદ સિવિલની ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં પણ આયુષ મંત્રાલયની ગાઇડલાઇન પ્રમાણે અમદાવાદની જ અખંડાનંદ સરકારી આયુર્વેદિકની ટીમ આર્યુવેદિક સારવાર માટે છેલ્લા ૧ વર્ષથી કાર્યરત છે. અખંડાનંદ કોલેજના ચિકિત્સા વિભાગના હેડ સુરેન્દ્ર સોની કહે છે કે કોરોના વાયરસની બિમારીમાં આયુર્વેદિક ઉપચાર પધ્ધતિ સહાયકરૂપે અસરકારક નિવડી છે. સિવિલની ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં એક વર્ષમાં અમે કોરોનાગ્રસ્ત દર્દીઓને આયુર્વેદિક દવાઓ સહાયક સારવાર પધ્ધતિ રૂપે આપી રહ્યા છે. જેના અમને સકારાત્મક પરિણામો મળ્યા છે. આયુષ મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલી આયુષ-૬૪, સંશમનીવટી, યષ્ટીમધુ ઘનવટી આ ત્રિપુટી આયુર્વેદિક દવાઓથી ધણાય કોરોનાગ્રસ્ત દર્દીઓએ રાહત અનુભવી છે. અત્યાર સુધીમાં ૫૨૧૪ જેટલા કોરોના યોદ્ધાઓને અને ૮૦૦૦ થી વધુ કોરોનાની સારવાર લઇ રહેલા દર્દીઓને આ દવાઓ દ્વારા સારવાર આપી છે.

અખંડાનંદ આયુર્વેદિક કોલેજના પ્રિન્સીપાલ શ્રી હર્ષીત શાહ જણાવે છે કે, × આયુષ વિભાગની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સિવિલની ડેડીકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલની ઓ.પી.ડી.માં આયુર્વેદિક ઓ.પી.ડી. પણ કાર્યરત છે.જેમાં કોરોનાની પ્રાથમિક તપાસ અર્થે આવતા દર્દીઓને તેમની બિમારીની ગંભીરતા પ્રમાણે આયુર્વેદિક દવાઓ, સારવાર આપવામાં આવે છે. જેમાં આયુર્વેદિક ઉકાળાથી લઇ વિવિધ દવાઓનો સમાવેશ થાય છે. કોરોના વોર્ડમાં તેમજ કોરોના યોદ્ધાઓમાં પણ રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે હેતુથી ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. જેના અમને સકારાત્મક પરિણામ મળ્યા છે. ઘણાંય દર્દીઓ અને કોરોના યોદ્ધાઓમાં નવ ઉર્જાનું સંચય થતું હોય તેવા પ્રતિભાવ મળ્યા છે.''

કોરોના વાયરસની મૂળ તકલીફ ફેફસા સાથે શરદી, ઉધરસ સાથે સંકળાયેલી છે. જેમાં ઉક્ત દવાઓ ઘણી ફાયદાકારક સાબિત થઇ છે. શરદી, ગમે તે પ્રકારની ઉધરસ, ગળામાં-પેટમાં બળતરા થવી, ભૂંખ ન લાગવી,અપચો રહેવો, શ્વાસ રૂંધાવા જેવી અનેક તકલીફોમાં ઉક્ત ત્રણેય દવાઓએ અસરકારક પરિણામ આપ્યુ છે તેમ તેઓ ઉમેરે છે.

અમિતસિંહ ચૌહાણ

### નર્મદા જિલ્લાના રાજપીપળા નગરપાલિકાના સત્તાધીશો તથા મુખ્ય અધિકારી

## પરાક્રમસિંહ ટી મકવાણા દ્વારા થતું શોષણ બાબતે રાજપીપળા નગરપાલિકા અને કર્મચારીઓની ફરિયાદ




રાજપીપલા, તા૨૪

રાજપીપળા,નર્મદા જિલ્લાના રાજપીપળા નગરપાલિકાના સત્તાધીશો તથા મુખ્ય અધિકારી પરાક્રમસિંહ ટી મકવાણા દ્વારા થતું શોષણ બાબતે રાજપીપળા નગરપાલિકા અને કર્મચારીઓએ ફરિયાદ કરી છે.

રાજપીપળા નગરપાલિકા યુનિયનના પ્રદેશ ઉપપ્રમુખ કિરણ સોલંકી ભરૂચને ફરિયાદ મળતા સ્થાનિક સમાજના આગેવાન અને નગરપાલિકા વિરોધપક્ષના સભ્ય કમલ સોલંકી તથા તમામ રોજમદાર સફાઈ કામદારો ની ઉપસ્થિતી સાથે મુખ્ય અધિકારી ની રૂબરૂ મુલાકાત લીધી હતી. અને કર્મચારીઓને થતુ શોષણ બંધ કરવા તથા તેમના હક્ક અને અધિકારો આપવા બન્ને આગેવાનોએ તેજાબી રજુઆત કરી હતી. સફાઈ કામદારોની રોજબરોજની સફાઈ કામગીરી મા વિસ્તારોનો વધારો કરી એકની જગ્યાએ ત્રણ સુપર વાઈઝર અને બે પટાવારા સહીત એક કામદારની પાછળ કામ કરે છે કે નહી તે દેખરેખ રાખવા, તેમને પાણી પીવા ના જવાદે, કુદરતી હાજતે ના જવાદે બરજબરી પૂર્વક જેટલો મોટો વિસ્તાર હોય એક કામદારે પૂરો સફાઈ કરવાનો છે .

આવી કામગરી શું આ અમાનવી વર્તનના કેહવાય ? એમને હક્ક અધિકાર ના મુદ્દાઓ તો સંતોષતા નથી ત્યા શોષણ કરી માન્સીક ત્રાસ આપવામા આવે છે.આ મુદ્દાઓનુ તાકીદે નિરાક્ણ આવે તે માટે વર્ષો થી રોજમદાર તરીકે નિષ્ઠાથી સફાઈની કામગીરી કરતા આવેલા કર્મચારીઓ ને સરકારના નિયમ મુજબ સીધીભરતી નિયમ હેઠળ આવરી લય કાયમી કરવા,નગરપાલિકા અધિનિયમ હેઠળ રોજમદાર સફાઈ કામદારો ને અવશાન થાય ત્યારે કે રીટાયર્ડની ઉમર થાય ત્યારે ગ્રેજ્યુટી આપવી,ઈ.પી.એફ તથા, મેડિક્લેઈમ તથા સફાઈની કામગીરીમા નવા વિસ્તારોનો વધારો કર્યો તે જુના વિસ્તાર પ્રમાણે કામગીરી સોંપવી જેવા સહીતના પાયાના મુખ્ય મુદ્દાઓને લય રજુઆત કરવામા આવી હતી.આ મુદ્દાઓ બાબતે અગાઉ હડતાર પણ પાડી હતી. ત્યારે આજ દીન સુધી આ હક્ક અને તેમના અધિકારો ના મુદ્દાઓ સંતોષ્યા નથી.જોકે મુદ્દાઓનુ નિરાક્ણ લાવવા મુખ્ય અધિકારી એ ખાત્રી આપી હતી.અને જુના વિસ્તાર મુજબ તમામ કામદારોને કામ સોંપવામા આવશે એવી ખાતરી આપી હતી . રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

### ગુજરાત પોતાની જરૂરિયાત સિવાયનો વધારાનો ઓક્સિજન અન્ય રાજ્યોને આપી મદદરૂપ થશે.-શ્રી અમિત શાહ

## કોલવડા સ્થિત કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ

### ટૂંક જ સમયમાં ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે 600 ICU બેડ સાથેની કુલ ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ DRDO, ટાટા ગૃપના સહયોગથી શરૂ થશે.-શ્રી અમિત શાહ

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને ગાંધીનગર લોકસભા મતવિસ્તારના સાંસદ શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરના કોલવડા સ્થિત કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ખાતે ૨૮૦ લીટર પ્રતિ મિનિટ ઓક્સિજનની ક્ષમતા ધરાવતા PSA ઓક્સિજનના પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે મીડિયાના મિત્રોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે આ ઓક્સિજન પ્લાન્ટ શરૂ થવાથી કોલવડાની ૨૦૦ બેડની હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા કોરોનાના દર્દીઓને સતત ઓકસિજનની પૂર્તતા થશે, અહીં રાજ્ય સરકાર દ્વારા ઈમરજન્સીની પરિસ્થિતિમાં પહોંચી વળવા મોટા ઓક્સિજન સિલિન્ડર પણ અવેજીમાં રખાયા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં PM CARES ફંડમાંથી દેશભરમાં વિવિધ ઓક્સિજન પ્લાન્ટ બનાવવામાં આવનાર છે, જે અંતર્ગત ગુજરાતને ૧૧ ઓક્સિજન પ્લાન્ટની મંજૂરી મળી છે જે ટૂંકા સમયમાં તૈયાર થઈ કાર્યરત થશે જેથી ગુજરાતની ઓક્સિજનની વ્યવસ્થા વધુ મજબૂત બનશે. વધારાના ઓક્સિજનને અન્ય જરૂરિયાત વાળા રાજ્યોને આપવામાં આવશે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, ટૂંક જ સમયમાં ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે 600 ICU બેડ સાથેની કુલ ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ DRDO, ટાટા ગૃપના સહયોગથી શરૂ થશે જેમાં નાગરિકો કોરોનાની સારવાર પ્રાપ્ત કરી શકશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે કોરોનાને પરાસ્ત કરવા મજબૂત લડાઈ આદરી છે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શ્રી વિજયભાઈ અને શ્રી નિતીનભાઈની જોડી ગુજરાતના નાગરિકોનું સ્વાસ્થ્ય નિરામયી બનાવી ગુજરાતની અવિરત વિકાસયાત્રાને આગળ ધપાવશે. શ્રી શાહે કોરોનાના સમયમાં તેમના મતક્ષેત્ર એવા ગાંધીનગર લોકસભા વિસ્તારના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના નાગરિકોના આરોગ્યની ચિંતા કરી કોરોના સામેની લડાઈમાં પરિસ્થિતિને પહોંચી વળવા ટૂંકા સમયગાળામાં જરૂરી વ્યવસ્થા ઉભી કરવા બદલ ગાંધીનગરના સાંસદ તરીકે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો છે તેમજ રાજ્યભરમાં કોરોનાને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા કરાયેલી કામગીરીને બિરદાવી છે.

## મોવી, દેડીયાપાડા સ્ટેટ હાઇવે ઉપર ભારે વાહનોની અવરજવર તા.30 મી જુન સુધી બંધ

રાજપીપલા,તા.૨૪

નર્મદાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એચ.કે.વ્યાસને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલક-૩૩-(૧) (બી) તથા વંચાણ-૨ થી મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા મોવી, દેડીયાપાડા સ્ટેટ હાઇવે ઉપર ભારે વાહનો (ટ્રક, મલ્ટી એક્સેલ તથા હેવી કોમર્શીયલ વાહનો) ની અવરજવર તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી બંધ રાખવા તથા રાજપીપલાથી દેડીયાપાડા વચ્ચે મુસાફરી કરતા ભારે વાહનોએ રાજપીપલા- નેત્રાંગ- દેડીયાપાડા રસ્તાનો ઉપયોગ કરવા ફરમાવેલ છે.

આ જાહેરનામાની અમલવારી તા.૧૫/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી કરવાની રહેશે.

અપવાદરૂપ કિસ્સામાં ભારે વાહનોમાં સરકારી બસ (એસટી બસ) સેવાને મુક્તિ આપવા ફરમાવેલ છે.સરકારી બસને આ જાહેરનામા અન્વયે પ્રતિબંધ લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.